श्रीः

ॐ

मस्तक विद्या.

Phrenology is pre-eminently a science of observation. Observation discovered it; observation and analysis must perfect it; observation is the grand instrumentality of its propagation.


L. N. Fowler.

લેખક—જોસી ગોવિંદરામ હિરાભાઈ મુ. કડી.
રે૦ સીપોર તાબે મેરાળ.

પ્રસિદ્ધ કર્તા—શુક્લ માણેકલાલ રેવાશંકર મુ. કડી.


ધી ગુજરાત પ્રી. પ્રેસમાં—શાહ સોમાલાલ મંગળદાસે છાપી.
પાંચકુવા રીચીરોડ—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૧૨-૦




રા. ગોવિંદરામ હીરાભાઈ.


Mukund Art—Ahmedabad.




આકૃતિ ૧૯ મી સમાકૃતિ પૃષ્ઠ ૫૫.




આકૃતિ ૩ જી સમજુતિ પૃષ્ટ ૧૮.




આકૃતિ ૪ થી સમજુતિ પૃષ્ટ ૨૨.




આકૃતિ ૧ લી સમજુતિ પૃષ્ટ ૧૩.



આકૃતિ ૨ જી સમજુતિ પૃષ્ટ ૧૬.




આકૃતિ ૫ મી સમકૃતિ પૃષ્ઠ ૨૩.




આકૃતિ ૬ ઠી સમકૃતિ પૃષ્ઠ ૨૫.




[illegible] ની સમજુતિ પૃષ્ઠ [illegible]




આકૃતિ ૮ ની સમજુતિ પૃષ્ઠ [illegible]



આકૃતિ ૯ મી સમજણ [illegible]




આકૃતિ ૧૦ મી સમાકૃતિ પૃષ્ઠ ૬૨.




આકૃતિ ૧૧ મી સમજુતિ પૃષ્ટ ૩૫.



આકૃતિ ૧૨ મી સમજુતિ પૃષ્ટ ૩૭.




આકૃતિ ૧૩ મી સમજુતિ પૃષ્ટ ૩૯.



આકૃતિ ૧૪ મી સમજુતિ પૃષ્ટ ૪૨.




આકૃતિ ૧૫ મી સમજુતિ પૃષ્ટ ૪૬.



આકૃતિ ૧૬ મી સમજુતિ પૃષ્ટ ૪૯.



આકૃતિ ૧૭ મી સમજુતિ પૃષ્ટ ૫૪.



આકૃતિ ૧૮ મી સમજુતિ પૃષ્ટ ૫૫.

શ્રીઃ

ॐ

मस्तक विद्या.

લેખક

જોસી ગોવિંદરામ હિરાભાઇ મુ. કડી.

રહેવાસી સીપોર તાલુકે વિસનગર.

પ્રસિદ્ધ કર્ત્તા

શુક્લ માણુકલાલ રેવાશંકર મુ. કડી.

સન ૧૯૧૬. સંવત ૧૯૭૨.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦,

ધી 'ગુજરાત' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે
છાપી. પાંચકુવા રોડ—અમદાવાદ.

ॐ

પ્રસ્તાવના.

આર્યાવ્રત એક દેવ ભુમિકા છે, જેમાં ઘણા મહાત્મા, જ્ઞાની, ઋષિઓ અને શોધકો થઇ ગયેલા છે થાય છે, અને હવે પછી થશે. જે દેશમાં પહાડો વનસ્પતિ તથા નદી નાળાં હોય, તેવા દેશમાં એવા પુરૂષો કુદરતી રીતે પેદા થાય છે; અને તેમનું મનોવલણ હમેશાં જનહિત તરફજ હોઇ, પોતાની જીંદગી તેમાં ગુજારે છે. એક વખતે અમારા જોવામાં પશ્ચિમ દેશના શોધકોનો લેખ આવ્યો. તે જોતાં મનોવૃત્તિ સ્થિર થઇ, તેણે ઉછાળો મારી કહ્યું કે શું આ શોધ બરોબર છે ? આ કરતાં આર્યાવ્રતમાં સામુદ્રિક, હઠયોગ, રાજયોગ, તથા આયુર્વેદના ગ્રંથો ઘણા છે. તે દ્વારા એ શોધ થઇ ચુકેલી છે. તેમાંનું તે રહસ્ય અમારા જાણવામાં તથા અનુભવમાં મહાત્મા-દ્વારાએ ઉદ્દભવેલું હતું, તે જન સમાજના કલ્યાણાર્થે બહાર પાડવાની જીજ્ઞાસા થવાથી લેખ શરૂ કર્યો, અને તેમાં કેટલાક ગ્રંથોનો આધાર પણ લેવામા આવ્યો છે. આ વિષયમાં ઘણું સમજવાનું છે; પણ જેમ જેમ ઉંડા ઉતરતા જશો, તેમ તેમ વિશેષ જ્ઞાન પ્રાપ્ત થવા સરખું છે. કોઇ ઠેકાણે વિષયને જાણુ બહાર હોવાથી લોકો ગ્રંથનું ઉપમર્દન કરે એ શોચનીય છે. જ્યારે સંપૂર્ણ ગ્રંથ વાંચવામાં આવે ત્યારેજ ગ્રંથનું રહસ્ય સમજી શકાય માટે સર્વ મુમુક્ષુઓને પુર્ણ વાંચવા અમારી નમ્ર વિનંતી છે. આ ગ્રંથ પછી ઉપરના ભાગનું ખોપરી, તથા હૃદય વિષે અને શરીરના દેખાવો વ અવયવો ઉપરથી પરીક્ષા કરવા 'નરદર્પણ'' લખવા શરૂ કરેલ છે. ઇંગ્રેજીમાં કેટલાક ગ્રંથો પરભાષામાં બહાર પડેલા છે. તે વિદ્યાને તેઓ ફ્રેનોલોજી કહે છે; તે કરતાં પણ તે ઉત્તમ બહાર પડશે, પરંતુ હાલનો ગ્રંથ અંદરના ભાગની ક્રિયાઓ નીરીક્ષણ કરવાના વિષયપર લખેલ છે. તો જ્ઞાની મહાત્મા તથા વિદ્વાન વર્ગ વાંચી કાંઇ કીંમતી સુચનાઓ કરશે, તો તે આભાર સાથે સ્વીકારવામાં આવશે. તથાસ્તુ. લી. આર્ય સેવક કર્ત્તા.

પ્રકાશકની પ્રસ્તાવના.

આ મસ્તક વિદ્યાનું પુસ્તક અધિકારી જનસમાજની સેવામાં રજુ કરતાંતેને પ્રકાસમાં આવવાનું કારણ દર્શાવવું ગ્યોગ્ય લેખાશે. આશરે ત્રણેક વર્ષ ઉપર રા. લેખકના સંબંધમાં, મારી શરીર સુધારણા અર્થે, આવવાનુ બન્યું, જે વખતે તેમની પ્રાસંગીક વૈદ્યકીય સલાહથી લાભ થતાં તે વખતે સ્વાભાવિક વાર્તાલાપમાં સદર પુસ્તકનું મેટર જોવા મળ્યું. આવાં વિજ્ઞાનનાં પુસ્તકો ગુજરાતી સાહિત્યમાં જુજ બલ્કે નહી જેવાં પ્રસિદ્ધ થયેલાં હોવાથી મારી સ્વાભાવિક પ્રેરણા સદર પુસ્તક જલદીથી પ્રકટ થાય તો સારૂં તેમ જણાવતાં રા. લેખકે પોતાની પ્રવૃતિમય નોકરીમાં અવકાસ નહિ મળવાનો પ્રતિબંધ દર્શાવી સદર કામ ભવિષ્યમાં મારી સારી સ્થાતિ થયે ગ્યોગ્ય મહેનત લેઇ પ્રકાસ કરવાનું જણાવ્યું. અને તેજ કારણને લેઇને આ પુસ્તક જન-સમાજની સેવામાં મુકવા હું ભાગ્યશાળી થયો છું.

આ પુસ્તકમાં રા. લેખક તરફથી મસ્તિકના જુદાજુદા ભાગ સંબંધે સ્ફુટથી વીવેચન કરવામાં આવેલું છે. પરંતુ હાલમાં પાશ્ચિ-માત્ય દેશ જેવાકે અમેરીકા, ઇંગ્લાંડમાં આ વિદ્યામાં તેથી પણ વિશેષ પ્રવૃતિ થયેલી છે—અને તેનો કાંઇ પણ ખ્યાલ મારા બન્ધુઓને આવે તે ઉદ્દેશથી મારા તરફથી આ પુસ્તકના વધારા તરીકે ઉપસંહાર રૂપે તે તરફના પુસ્તકોના આધારે લખવામાં આવેલું છે. તે વાંચનથી મને આસા છે કે આ વિદ્યા તરફ અધિકારી પુરૂષોની વૃતિ દોરાશે. મને આ વિદ્યા સંબંધી વીશેષ માહિતી નથી. પરંતુ મારી તે તરફ જીજ્ઞાસા ઘણા વખતથી હોવાથી અને પ્રકાશક તરીકે સદર પુસ્તક પ્રકટ કરવાનો લાભ મળવાથી ને દીશાની પાશ્ચિમાત્ય પ્રજાની પ્રવૃતિનાં આન્દોલનોનો કાંઇક પ્રકાસ નાંખ્યો છે તેથી મને તે બાબતમાં નીપુણ નહિ લેખતાં આ પુસ્તક અવલોકન કરી આગળની પ્રવૃતિ જારી રાખવા મારા બન્ધુઓને સવીનય વીજ્ઞપ્તિ કરૂં છું.

મુ. કડી. એપ્રિલ. ૧૯૧૫. લી. પ્રકાશક.

ૐ

मस्तक विद्या.

પ્રારંભ.

ગીતિ.

આદિ અનાદી સર્વે, ઉપર અંદર બીંદુ જગત સારા;
ૐકારા તુજ દીસે, અનેક બ્રહ્માંડોમાં ચલકારા. ૧
તે સર્વે ચલકારા, પ્રતિબંધથી જીવ પણે માહાલે;
સ્થુલ સુક્ષ્મ ને કારણ, દેહ થકી આ સૃષ્ટિ સૌ ચાલે. ૨
તે વિજ્ઞાનજ થાવા, ગાવા તુજને પ્રેમ પણે પોતે;
મુસ્તક શોધે યોગી, બ્રહ્માંડી રચના તેમાં ગોતે. ૩
જાણે તુજને સઘળે, સઘળા તાહારા વીશે રહે વ્યાપી;
ગોવિન્દ રામજનામી, રહો બ્રહ્મ તુજ અચળ પદ સ્થાપી. ૪

અ. સૃષ્ટિમાં સર્વોપરી મનુષ્ય દેહ ગણાય છે. કારણ કે તમામ જીવોનું બંધારણ તથા ઇશ્વર રચનાનો સાર તે સમજી શકે છે. બીજાં પ્રાણીઓ તે સમજી શકતાં નથી મનુષ્ય પ્રાણિને સારા સાર વિચાર કરવાની શક્તિ ઇશ્વરી કુદરતથીજ બક્ષીસ થયેલી છે તેથી તે સર્વોતમ પદ

પ્રાપ્તિને પાત્ર ગણવામાં આવે છે તે મનુષ્યદેહ પુર્વના સંચીતવડે બંધાઇ આવે છે ને પછી પ્રારબ્ધને ભોગવે છે તે પ્રારબ્ધ ભોગવવાનું ભોગવ્યા શીવાય છુટકો થતો નથી. પરંતુ નવીન સંચીત ઉલટ ન થાય તથા કર્મની વાસનાઓ ન બંધાય તેને માટે યોગી માહાત્માઓ કાળજી પૂર્વક યોગાભ્યાસ કરે છે અને તેના વડે આ સૃષ્ટિમાં લોકોનું કલ્યાણ કરી પોતાના આત્માને ઓળખી બ્રહ્મ સાથે ઐક્યતા કરી કીરણને મુળ સ્વરૂપમાં મેળવે છે તેથી તેઓને જન્મ મરણ ટળી જાય છે. તેનું નામ કૈવલ્ય મોક્ષ, તે કૈવલ્ય મોક્ષ મેળવવાને યોગાભ્યાસની જરૂર હોય છે. તેથી તેવા પુરૂષો મીતાહાર કરી યમનીયમ પાળી દ્રઢતા તથા ભાવવડે આચરણો કરે છે અને છેવટે ભાવને પણ છોડી દે છે. તે ક્રિયા આપણા શરીરમાં મુખ્યત્વે કરીને મુસ્તકમાં જણાઇ આવે છે. બાકીનું શરીર તો (પેટ વિગેરે) ધમણની પેઠે શ્વાસોશ્વાસ લેવાના કામમા આવે છે, તે શ્વાસોશ્વાસ ઉપર માણસનું જીવન રહેલું છે, તે શ્વાસાવરોધ કરી સમાધીનીષ્ટ થવાથી મસ્તિષ્કના અંદરની રચના જોવા માંડે છે તેમાંના દેખાવો બાહ્યના દેખાવો કરતાં ઘણાજ જુદા હોય છે જે જોવાથી યોગીઓને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. અને તે સુખ અલ્પ નહિ પણ અખંડ હોય છે તે સુખ મેળવવાને કોણ મનુષ્ય પ્રાણિ ઇચ્છા ધરાવતું નહિ હોય! ધરાવે તો ખરૂં પણ વિશેષ જ્ઞાન શીવાય તે બની શકવું અશકય છે મનુષ્ય પ્રાણિ માત્રને સામાન્ય જ્ઞાન તો જન્મથીજ હોય છે પણ તેને કસોટીમાં ચઢાવી કેળવે ત્યારેજ વિશેષ જ્ઞાન થાય છે તેવું વિશેષ જ્ઞાન ધરાવનારા યોગીઓ આ અલ્પ સુખ આપનાર સંસારની ચાહના કરતા નથી, તેથી તેઓ વસ્તીવાળા ભાગમા આવી ઘણું કરી વસતા નથી. તેથી તેમણે પ્રાપ્ત કરેલી ગુપ્ત વિદ્યાનો લાભ સંસારિક લોકોને મળતો નથી

તેમજ તે વિશે કાંઇ પુસ્તકો પણ વધારે નથી ને છે તે કાઇ બતાં- વતું નથી તથા તુટક તુટક મળે છે તે પણ ઘણું કરી સંસ્કૃત ભાષામાં હોય છે અને હાલમાં ઘણા ખરા લોકો સંસ્કૃત ભાષાથી અજ્ઞાન છે, તેમ જેઓ જાણે છે તેઓ વહેવારિક જ્ઞાન પ્રાપ્ત કરી નોકરી મેળ- વવા પાછળ મંડી જાય છે એટલે પોતાના કલ્યાણ તરફ તેઓનું વલણ હોતુ નથી, માત્ર દ્રવ્ય પ્રાપ્ત કરી સંસારિક સુખની લાલસામાં જીંદગી પુરી કરી મુકે છે માટે તેમ ન કરતાં દરેક મનુષ્ય પ્રાણિએ પોતાનું કલ્યાણ ઇચ્છવું જોઇએ તે માટે મને મળેલા સાધારણ જ્ઞાન ઉપરથી જે જે ક્રિયાઓ તથા મસ્તિષ્કના ભાગની ઓળખો તથા તેના અંદરના દેખાવોને તેના ઉપરથી નીપજતાં પરીણામો તેમજ બાલ્રના બનાવો વિગેરે સૃષ્ટિના મનુષ્યોના કલ્યાણ અર્થે પ્રકટ કરી બતાવવાની ઇચ્છા થવાથી તે લાભ સર્વેને મળે એવા શુભ ઉદ્દેશથી આ પુસ્તકનો પ્રારંભ થાય છે.

મસ્તકની રચના.

આપણા શરીરમાં શીર એ પ્રધાન પણે રહેલું છે, તેની બનાવટ કુદરતી અજાયબી પમાડે એવી છે. તેમાંની રચના જાણવાને ગુપ્ત વિદ્યાના જીજ્ઞાસુઓ અહોરાત્રિ પ્રયાસ કર્યા કરે છે તે મસ્તિષ્કમાં કેટલા ઉપાંગો છે તે નિચે પ્રમાણેઃ—

(૧) કેસ, (૨) માથામાં રહેલું મગજ, (૩) લલાટ, (૪) બન્ને ભ્રમર, (૫) બે નેત્ર, (૬) તેમાં બે કીકીઓ, (૭) બે દ્રષ્ટિ, (૮) બે કૃષ્ણ ગોળ, (૯) કૃષ્ણ ગોળની આસપાસના બે શ્વેત ભાગ; (૧૦) બે પોપચો, (૧૧) બે પાંપણો, (૧૨) બે અપાંગ, (૧૩) બે લમણા (૧૪) બે કાન, (૧૫) કાનની બહારના બે પોલાણની આસપાસનો ભાગ, (૧૬) બન્ને કાનની પાળીઓ, (૧૭) બે ગાલ, (૧૮) નાશીકા (૧૯) બે ગલોફાં, (૨૦) મુખ, (૨૧) તાળવું, (૨૨) બન્ને જડબાં, (૨૩) દાંત, (૨૪) દાંતની આસપાસનું માંસ વેસ્ટન [અવાળુ] (૨૫) જીભ, (૨૬) હડપચી, (૨૭) ગળુ. એ રીતે સતાવીસ ઉપાંગ રહેલાં છે.

ડોકામાં માંસની પેસીઓ ચાર છે અને હડપચામાં આઠ છે.

માંસવેશી ૩૪ છે. કંઠમણીમાં એક (ઘંટીકા જેને ઘોઘળો કીંવા હૈડીઓ કહે છે) ગળામાં એક તાળવામાં બે જીભમાં એક બને હોઠમાં બે, નાકમાં બે, બન્ને આંખોમાં બે, બન્ને ગાલમાં ચાર, બન્ને કાનમાં બે, કપાળમાં ચાર, માંથામાં એક, મળી કુલ ચોત્રીસ માંસવેશીની સંખ્યા ડોકામાં છે.

તેમજ જે અસ્થિઓનું ઘુમટદાર મસ્તક બનેલું છે તેમાં નિચે પ્રમાણે હાડકાં છે.

ડોકામાં નવ, કંઠનાડીમાં ચાર, હડપચીમાં એક એક મળીને બે, દાંત બત્રીસ, નાકમાં ત્રણ, તાળવામાં એક, ગળામાં એક એક મળી બે, કાનમાં એક એક મળી બે, ભ્રમરમાં એક એક મળી બે, માથામાં છ, કુલ ત્રેસઠની સંખ્યા થાય છે. તેમાં માંથાના ૧૪ છે અને ચહેરાનાં ૪૯ મળી કુલ ત્રેસઠ છે ડૉકટરના મત પ્રમાણે માથાનાં ૧૪ ને ચહેરાનાં ૬૪ માનેલાં છે તેથી વિશેષ વહેમ ખાવાનું કારણ નથી કેટલાંક હાડકાં એટલાં બારીક હોય છે કે તેની નસોમાં પણ ગણતરી થઇ શકે છે.

ડોક તથા તેના ઉપરના ભાગમાં સાડત્રીસ મર્મ સ્થળ છે કે જે સ્થળે ઘા થાય તો ઘણું કરી મનુષ્યના પ્રાણનો નાશ થાય છે. તે મર્મ સ્થળો હાડકાં, નસો, અને માંસની સંધીના સ્થાનને કહેવામાં આવે છે તેમાં નિચેનો મર્મ સ્થળો તાત્કાળ પ્રાણનો નાશ કરે છે. નાસિકા, કર્ણ જીભ્હા, નેત્ર, આ શ્રૃંગાટકાનિ મર્મ સ્થળ ગણાય છે. મસ્તકની માંહેની સત્રિ અને મન્યા મળે છે તે સ્થાન જેના ઉપર રોમનું આવર્ત છે એ પણ મર્મ છે. બન્ને ભ્રમર નિચે અને ઉપર કાન અને લલાટની વચમાં (લમણા) બે અસ્થી મર્મ છે જેને સંખો કહે છે. કંઠ શીરાનું બીજું નામ માતૃકા પણ કહે છે, આટલા મર્મ સ્થળો મસ્તક પૈકીનાં તાત્કાળ પ્રાણના નાશ કરનાર થઇ પડે છે અને બીજાં મસ્તક પૈકીનાં મર્મ સ્થળ કાળાંતરે નાશ કરનારાં છે. તે નીચે પ્રમાણે—સીમંતા, માથાના પાંચ સંધી છે તે સ્થળે પ્રહાર થવાથી પ્રાણને ઉન્માદ, ભય, મુર્છા વીગેરે ઉપજી કાળાંતરે મૃત્યુ, પ્રાપ્ત કરાવે છે. ઉત્ક્ષેપા, એટલે બન્ને લમણા ઉપર જેટલામાં કેસ નથી ઉગતા ત્યાં સુધીમાં બે અરધા આંગળના સ્નાયુ

મર્મ છે. વાંખ્રાયનને શૈલ્ય (બાલોડુ) કાઢી લેવામાં આવે તો મૃત્યુ થાય છે. સ્થાપની, બન્ને ભ્રમરની વચ્ચે એક શીરા મર્મ અર્ધા આંગળનું છે તથા તે પણ શૈલ્ય કાઢી લેવામાં આવે તો પ્રાણ હાની થાય છે. સફ્લ કે, ડોકા ઉપર બંને ખભાનો જ્યાં સંગોગ થાય છે. તેને ત્રિક સંધિ કહે છે તે સ્થળે વાગવાથી વીકળતા પ્રાપ્ત થાય છે. અપાંગ, તે બન્ને નેત્રના અંત ભાગમાં બે સીરા મર્મ તે તેનુ પ્રમાણુ અર્ધા આંગળનું છે તેને ઇજા થવાથી આંધળાપણું પ્રાપ્ત થાય છે. વિધુરે, કાનના પાછળના ભાગની નીચે બે નમેલ્રા શીરા મર્મ છે તે અર્ધા આંગળના પ્રમાણમાં છે, ત્યાં વાગે તો બ્હેરાપણું પ્રાપ્ત થાય છે. કૃકાટિકે, માથુ અને ડોકની બંને બાજુએ બે સંધી છે તે સંધી મર્મ છે તેમાં વાગવાથી વીકળતા થઇ સીરઃકંપ પેદા થાય છે. નીલે મન્યે, કંઠનાડીની બન્ને બાજુએ ચાર ધમની (નાડીઓ) ઓ છે. તેમાંની બે મન્યા અને બે નીલા કહેવાય છે. તેમાં એક પાસા ઉપર એક મન્યા અને એક નીલા છે તેવીજ રીતે બીજા પાસા તરફ બીજી બે રહેલી છે તેમાં ઇજા થાય તો મુગાપણું, સ્વરમાં વિકાર સ્વાદનો નાશ થાય છે. ફણે, નાકના માર્ગની બન્ને બાજુએ અર્ધા અર્ધા આંગળનાં માંસ મર્મ છે તેમાં ઇજા થાય તો વાસ પાર ખવાની ગતિ રહેતી નથી. આવર્તો, બન્ને ભ્રમર ઉપર સંધી મર્મ છે તેમાં ઇજા થાય તો દ્રષ્ટિનો નાશ થાય છે. હડપચીના સાંધા હાલે ચાલે છે. બાકીના સંધી હાલતા નથી. ડોકામાં કુલ એંશી સાંધા છે. આઠ ડોકામાં, ત્રણ કંઠમાં, નાડી, હૃદય, કલોમ અને ફેફસાંમાં બંધાયેલા અઢાર, બત્રીસ દાંતના મુળમાં, એક કંઠ મણીમાં (હરડીયામાં), બંને નાકમાં એક એક, બે વર્ત્ત મંડળ, કપાળ, કાન, અને લમણામાં બે, હડપચીના સાંધામાં બે, માથાના કપાલા

રિથમાં પાંચ, દાંતના સાંધા અને ઉદુખલ (ખાંયણીઓ કહે છે. ડોકના સાંધાને પ્રતર (વેલ જેવા) કહે છે. માથા તથા લમણાના સાંધાને તુનિ સેવની (બાથા) કહે છે, ડાચામાં કાક તુંડ (કાગડા ની ચાંચ જેવા) કહે છે. માથુ અને શ્રૃંગાટકમાં સંખાવર્ત (સંખના જેવા આંબળા વાળા) સંધી કહે છે. એ સાંધાઓ માત્ર હાડકાંના કહેવામાં આવ્યા છે.

હવે તેને બાંધનારી નસો કહેવામાં આવે છે. મનુષ્ય પ્રાણીના દેહરૂપી બગીચામાં હાડરૂપી જમીન અને હૃદય નજીક રકતાશયરૂપી કુવામાંથી ધોરીયારૂપી નસો વાટે જલરૂપી રક્તરસ વીગેરે શીરના મધ્યમાં પ્રફુલીત આત્મરૂપી પુષ્પવાળા વ્રક્ષવેલને પહોંચે છે. ત્યારે તેઓનું પોષણ થઇ વહેવાર ચાલે છે તે સીરાઓ મસ્તકમાં કેટલી છે ને તેઓ શું કામ કરે છે તે નીચે પ્રમાણે છે.

શીરાઓ કુલ ૪૦ છે. તેમાં ૧૦ વાયુની, ૧૦ પીતની, ૧૦ કફની, ૧૦ લોહીની, તેઓ પોતપોતાના સ્થાનમાં જવાથી દશ દશની ૧૭૫ થાય છે. તેથી ચાર પ્રકારની નસોની કુલ ગણતરી ૭૦૦ ની થાય છે તેમા હાંસડીથી ઉપરના ભાગમાં ૧૬૪ નસો છે. તેની ગણત્રીઃ– વાયુની ૪૧, પીતની ૪૧, કફની ૪૧, લોહીની ૪૧ મળીને છે. વાયુની નસોની વહેંચણી નીચે પ્રમાણે છે. ડોકમાં ૧૪, જમણા કાનમાં ૨, ડાબા કાનમાં ૨, જીભમાં ૯, નાકમાં ૬, ડાબા જમણા નેત્રમાં ૮ છે. તે પ્રમાણે પીત્તની પણ સમજવી માત્ર ફેર એટલો છે કે ડાબા જમણા કાનમાં ૨ છે. એટલે કાનમાંથી બે વાયુ કરતાં ઓછી થઇ નેત્રમાં વધા છે. મુળ ૪૧ છે. તેમજ કફની પણ વાયુ પ્રમાણે વહેં-ચાયેલી છે. માત્ર ફેરએટલો છે કે ડોકમાં ૧૬ છે ને ડાબા જમણા

કાનમાં બે છે. વાયુ કરતાં કાનમાંથી કફશીરા બે કમી થઇ ડોકામાં બે વધી છે. મળી કુલ ૪૧ છે. લોહીની વાયુ પ્રમાણેજ જાણવી. ઉપરની સાતસેં નસોનું વીવેચન કરતાં ડોકની ૧૬૪ નસોનું વર્ણન કરવામાં આવ્યું પણ ઝીણી શીરાઓ મળી કુલ તો ૭૦૦ કહેવાય છે. તેમાં ડોકમાં ૭૦ છે. ઉપર ૧૬૪ ની ગણતરી કહી તે શાખાઓ ગત જાણવી નહિ તો ૭૦૦ ના વિભાગમાં ડોકાની નસો ૪૧ છે. અને નવસેંના ભાગમાં સીતેર છે. તેમાં ડોકમાં ૩૬ અને માથામાં ૩૪ મળી કુલ ૭૦ થાય છે.

શરીરમાં ધમનીઓ ૩૦ છે. તેમાંની વાયુની ધમનીઓ માથા તથા ડોકાને હલાવે ચલાવે છે. પીત્તની ધમનીઓ રૂપ આપે છે તથા પસીનો વીગેરે કાઢે છે ને રસ પહોંચાડે છે કફની ધમનીઓ પણ જોડાયેલી છે.

શરીરમાં મુખ્ય સોળ કંડરા (મોટી નસો) છે તે પૈકી ડોકમાં ચાર છે. તે ડોકનું બંધારણ પકડી તેના છેડાથી લીંગેન્દ્રિ થયેલી છે; જે નસો હૃદય ઉપર થઇ જાય છે. પીઠમાં રહેલી ચાર કંડરાથી માથું તથા નેત્ર થયેલાં છે તેનો સંબંધ છાતી તથા સાથળ સાથે જોડાયેલો છે.

રંધ્રો દશ છે. તેમાં નેત્રમાં બે. કાનમાં બે. નાકમાં બે. મુખમાં એક. માથામાં એક મળી કુલ ૮ આઠ ડોકામાં છે. બાકી બે, લીંગ તથા ગુદામા છે.

ડોકમાં એક કુર્ચ (ગાભો) છે. તે માંસ, નસો અને સ્નાયુ હાડકાંનો બનેલો છે. સેવણીઓ માથામાં પાંચ છે ને જીભમાં એક છે. તથા લીંગમાં એક મળી સાત છે તે વીંધવી નહિ. સંધાતો મસ્તકમાં એક તથા ડોકમાં એક છે (હાડકાનો જથો.)

એવી રીતે મનુષ્ય પ્રાણીના મસ્તકનું બંધારણ ઇશ્વરી કુદરતથી બનેલું છે ને તેમાં પ્રતિબીંબરૂપ માયા કરવા માટે જ્ઞાની માહાત્માઓ યોગાભ્યાસ કરી મસ્તકમાં સમાધી વાટે સર્વ જ્ઞાન દ્રષ્ટિથી જુએ છે. ને પછી સ્વાનંદમય થઇ, જગત હિતમાં પ્રેરક થઇ જીંદગી વધારે છે. તેથી મનુષ્યના શરીરમાં શીર મુખ્ય છે. તે જાણવાની દરેકને આવશ્યકતા છે.

આકૃતિ ૧ લી.

(મુખપૃષ્ટ જુઓ.)

આકૃતિ ૧ લીની સમજુતી—દરેક આકૃતિમાં જે બાજુએ अ મુકવામાં આવ્યો છે તેને અગ્ર ભાગ જાણવો. ને જે તરફ प મુકેલો છે તે બાજુને પછવાડાનો ભાગ સમજવો. તથા જે તરફ ज મુકેલો છે તે બાજુને માથાની જમણી તરફેણ સમજવી. તેમજ જે તરફ ड મુકેલો છે તે બાજુને ડાબી બાજુ સમજવી. એવી રીતે સમજુતિ દરેક આકૃતિઓની સમજવી.

પ્રથમ આકૃતિના પહેલા પાછલો ભાગ કે જે ઠેકાણે ૧નો એક મુકવામાં આવેલો છે, તે સ્થળે ચરબીના કુચા (કપ) ભરેલા છે ને દરેક નાડીનો સંબંધ તેમાં થઇને આવવાનો છે. તે કપાસીયા માત્ર માંસ અને ચરબીના બનેલા હોય છે તેમાં જ્યારે ખોરાક (પૌષ્ટીક) મળવાથી વીર્યનો વધારો થાય છે ત્યારે તેનો સાર અંદરના ઓરડા-માંથી બહારના ઓરડામાં આવી જાય છે. ને તેના વડે તમામ જ્ઞાન તંતુઓનું પોષણ થાય છે. જેવી રીતે તલમાંથી તેલ નીકળે છે તેવી રીતે સદરહુ કુચાઓ તર રહેવા ઉપરાંતનું સત્વ દબાણથી (એટલે

શ્વાસોશ્વાસની ક્રીયાથી) વધારેનું આગળ આવે છે. ને તેમાંથી ડાબા તથા જમણા ભ્રમણામાં રહે છે તેમાંથી આત્મજ્યોત પ્રદિપ્ત રહે છે. જે સ્થળે ૨ નો અંક મુકવામાં આવ્યો છે તે સ્થળે ભવિષ્ય જ્ઞાનના લેખ રહેલા છે અને તેના ઉપર એક પડદો છે તે ભવિષ્ય જ્ઞાન જ્યારે જ્ઞાનીઓને જોવું હોય છે ત્યારે માથું જરાક ડાબી તરફ નમાવે છે એટલે જમણી બાજુનો પડદો તે તરફ ઝુકે છે ને ભવિષ્ય વર્તારાનો મસાલો ઉઘાડો થાય છે ને તેના ઉપર જ્યોતનો ઉજાસ પડવાથી જેવું થવાનું હોય તેવું ભવિષ્ય ઘડી કાઢે છે (પોતાનુ તેમ બીજાઓનું અને સૃષ્ટિનું) ને પ્રકાશ કરે છે. હવે જે સ્થાને ત્રણનો આંક મુકવામાં આવ્યો છે તે સ્થળ ભુતકાળની હકીકત જાણુવાનું છે અને જ્યારે યોગીઓને ભુતકાળની હકીકત કહેવી હોય ત્યારે જરાક જમણી તરફનું માથું ઝુકતું રાખે છે એટલે પડદો જરાક ખુલ્લો થાય છે ને તેમાંના પદાર્થથી ભુતકાળની થયેલી કૃતિઓ અખંડ જ્ઞાનવાળી જ્યોતદ્વારાએ જોઇ પ્રકાસ કરે છે. હવે જે સ્થળે ૪ નો અંક મુકેલો છે તે સ્થળ જોવાનું છે. તે સ્થળ વર્તમાનકાળનું છે જ્યારે વર્તમાનકાળનો ખુલાસો જોવો હોય ત્યારે જ્ઞાની લોકો માથાને જરાક સીધુ હૃદય તરફ ઝુકાવે છે એટલે તેનો પડદો કે જે પાછળની મન્વાની ચૌદ નસો પૈકીની એકના આધારે છે તે પાછળ ખેંચે છે ને તેનાથી તે સ્થળ ખુલ્લુ થવાથી તેના ઉપર પ્રકાસ પડવાથી તમામ હકીકત જણાઇ આવે છે ને તમામ સત્યજ પડે છે એવી રીતે સમજીને જ્ઞાની લોકો પ્રવર્તે છે. અજ્ઞાની પણ તેમજ કરે છે ત્યારે સાંસારિક સાધારણ માહિતી બતાવી શકે છે. તે તેઓ સમજીને કરતા નથી પણ ઇશ્વરી કુદરતના નીયમના ધોરણથી થયા

કરે છે. ત્યારપછી આપણે ૫ ના અંક સમજવાનો છે તે સ્થળ ત્રીકુટીનું છે, જેમાં અખંડ અનાદી અજર અ.ર આત્માની જ્યોતી પ્રકાસમાન હોય છે. જેના લીધે આ દેહ તથા બીજા અનેક દેહો તથા દેશોનો કારોબાર ચાલ્યાં આવે છે અને પછી પણ ચાલશે. છ તથા સાતના આંકડા જે સ્થળે મુકવામાં આવેલા છે તે નેત્ર સ્થાન સમજવાનાં છે. એ નેત્ર સ્થળની નાડીઓ બંને પોલી છે ને તે એક દુરબીનની નળીઓ જેવી છે—તેના છેડાના છેવટના બે ભાગ છે તેમાં ધોળા ડોળા તથા તેમાં કાળા ડોળા છે. ને તે બધાના વચ્ચે કાળા તીલ જેવાં ઝીણાં ટપકાં છે. તે કાંઇ વસ્તુ નસ્તાં તે બંને નળીઓનાં મોઢાં એટલે છીદ્ર છે. તે ઉંડાણમાં હોવાથી કાળો દેખાવ અંદર જણાય છે. ને તે મસ્તકના અંદર તમોગુણનો અંધકાર છે. તેનળીઓ આત્માના જ્યોતના પ્રકાશથી બહારના દેખાવો સ્થુળ દેહવડે પ્રાણી માત્ર જુવે છે. તે પરપ્રકાશક છે. ને આત્માતો સ્વયં પ્રકાસ છે. તે નેત્રને સુર્યની કીંવા દીવાની મદદ મળે છે ત્યારે નાડીદ્વારા જોઇ શકે છે. તે અંદરના ભાગને "કીકી" કહે છે. તે જેમ વધારે ઝીણી (બારીક) હોય તેમ મનુષ્યની દ્રષ્ટિ ચંચળ હોય છે. તે નાડી જ્યારે પહોળી થઇ જાય છે ત્યારે મનુષ્ય પ્રાણી ઓછું દેખે છે; ને તેને ચસ્માની જરૂર પડે છે. તેમજ નાડી છેક પહોળી થઇ જાય છે ત્યારે માણસ બીલકુલ દેખી શકતો નથી. કે તેના ઉપરના ધોળા તથા કાળા કાચ જેવાં જે પડ છે તેમાં વીકાર થવાથી છીદ્ર વિકારથી ભરાઇ જાય છે અને તેથી પણ કાંઇ દેખી શકાતું નથી તેટલા માટે તે નળીઓનું યત્નપુર્વક સંરક્ષણ કરવું જોઇએ. તેને ચરબીનું પોષણ મળવામાં કમી જાસ્તી થવાથી એવાં નુકસાનો પહોંચે છે અને તે

નાડીઓનો સંબંધ પગના તળીયા સુધી ગયેલી અને ઉભી ધોરી નસો સાથે જોડાએલો છે. માટે પગે જોડા પહેરવા. કાંસાની વાડકીથી ઘી પગના તળીએ ઘસવું ગરમીમાં ખુલ્લા પગે ફરવું નહિ. તેમ ઠંડા પાણીથી પગ ધોવા મુસ્તક ઉપર ગરમ પાણી નાંખવું નહિ. ધુમ-ડાનું સેવન કરવું નહિ. નીસા ચીજ વાપરવી નહિ. વીગેરે સારા-સારથી વર્તન કરનાર યોગીઓની આંખો ગીધ પક્ષી જેવી ચંચળ રહે છે. તે માણુસના નેત્રની જાડાઇ પોતાના અંગુઠાના ઉપરના ટેરવાના દળ જેટલી હોય છે. અને તે માત્ર પારદર્શક ચામડીની ચરબીથી બનેલી હોય છે. તેમાંથી ચરબી કમી થવાથી તે ફુલની માફક કરમાઇને કાળી થાય છે. એવી રીતે પ્રથમાકૃતિની સમજુતી છે.

આકૃતિ ૨ જી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧. આ આંકની જગોની પહેલી આકૃતિમાં વર્ણન કરવામાં આવેલું છે તેમાં રહેલો કફ કે જે પરિશ્રમવડે બ્યાકુલ થાય છે ત્યારે માણુસના અંગમાં આળસ ઉત્પન્ન કરે છે ને તેથી બેચેની પેદા થઇ સુવાનું મન થાય છે અને જ્યારે માણુસ વિશ્રાંતિ લે છે ત્યારેજ તે સ્થીર થાય છે. તે શીવાય તે સ્થીર થતો નથી. જે સ્થળે બે ત્રણુના આંકડા મુકેલા છે તે સ્થળ મુસ્તકનું પોલાણુવાળુ છે, તેમાં અનેક ક્રીયાઓ થયાં કરે છે. તે જે જે આકૃતિને લગતી હકીકત આવશે, તે તે ઠેકાણે તેનું વર્ણન કરવામાં આવશે ૪–૫ ના અંક જે બતા-વવામાં આવેલા છે તે નેત્રની બન્ને નાડીઓ છે કે જેનું વર્ણન પહેલી

આકૃતિમાં દર્શાવેલું છે. એટલે આ સ્થળે તેનું વર્ણન કરવાનું રહેતું નથી, તે બંને નળીઓ ૬ અને ૧૭ ના આંકડાવાળા સ્થાનમાં વળેલી છે તે ચક્ષુનાં સ્થાન છે તેને વળગી આઠના અંકને જોડાએલી છે, તે આઠનો અંક એ જ્યોતનું સ્થાન છે એટલે તેમાંનો ઉજેસ નળીઓ ગ્રહણ કરી બાહ્ય સૃષ્ટિના દેખાવો જોવાય છે તે વાંકી વળેલી બંને નળીઓ ઉપર બે રેષા બતાવવામાં આવેલી છે ૨ અને ૩ ના અંક પાસેના તે નેત્રની પોલાણ નળીઓ છે. ૧ ના અંકવાળા ઘરમાં જઇ ત્યાંથી નિચે મુસ્તકને ધારણ કરનારી ચૌદ નસો કે જે મન્યા કહેવાય છે તેમાં થઇ હૃદયના (હૃદય કમળના) ઉપર જાય છે, અને ત્યાંથી તે ફેલાય છે તે એવી રીતે કે જમણા નેત્રની શીરા હૃદયપર આડી થઇ ડાબી તરફના પગમાં ઉતરે છે ને ડાબા નેત્રની શીરા જમણા પગમાં જાય છે તે શીરાઓનું પોષણ શરીરમાં રક્તથી તથા મુસ્તકમાં આવતાં ચરબીથી થાય છે. તે ચરબી જે સ્થળે ૪-૫ ના આંકડા છે તેની સીધી લીટીમાં છેક આકૃતિ પાસે બે કુંપા (ખાડા) હોય છે, તેને બહારના દેખાવમાં "લમણા" કહે છે ને તે કાનના આગળના ભાગ નજીક છે. તે એક શરીરમાંના મર્મસ્થળ છે તે ઠેકાણે પ્રાણીને કાંઇ વાગે તો ઘણું કરી મૃત્યુ પ્રાપ્ત થાય છે એકનો અંક મુકેલી જગાનો કફ ચલાયમાન, માણુસ પ્રાણીના શરીરને પ્રયાસ પડવાથી થાય છે, તે ચલાયમાન કરવાને શ્વાસોશ્વાસ છે માણુસને વધારે શ્રમ પડે ત્યારે શ્વાસોશ્વાસ વધારે ચાલે છે ને તેનાથી પીત તપી ઉઠે છે. તેની ઉષ્ણુતાથી કફ પાતળો થાય છે ને માંથાના પાછલા ભાગમાં દોડ ધામ કરી મુકે છે; પણ કફ અને પીત બંને પાંગળાં છે જેવી રીતે વાદળાં વાયુના સ્વાધીન છે તેવી રીતે તે બંને છે. પછી તે બંને

શ્વાસોશ્વાસની ગતિ જલદ થવાથી ચલાયમાન થાય છે બીજા ખંડમાં પીત્ત રહેલું છે તે પ્રથમ ખંડમાં રહેલા કફને વાયુ ધકેલી બાહારના ઓરડામાં લાવે છે એટલે પીત નેત્રની નાડીઓમાં પ્રવેસ થાય છે ને આંખોમાં લીલાં પીળાં થઇ આવે છે ને પછી કફ તમામ સ્થળમાં છવાઇ જાય છે એટલે આઠના અંક સ્થળની જ્યોત તેમાં આચ્છાદન થાય છે એટલે માણસને નિદ્રા પ્રાપ્ત થાય છે તે એવી રીતે કે જેમ સુર્ય આગળ વાદળ આવવાથી અંધકાર થઇ આવે છે તેમ આ જ્યોતરૂપી સુર્ય આગળ કફરૂપી વાદળ છવાઇ જાય છે એટલે ઊંઘ આવે છે ને તેનાથી નેત્રદ્વારની નળીઓમાં પણ અંધકાર થાય છે અને તે નળીઓ હ્રદયના ઉપર હોય છે તેથી હ્રદય કમળ બંધ થઇ જાય છે. જેમ સુર્યોદય થવાથી કમળો ખીલે છે તેમ જ્યોતિનો પ્રકાશ થવાથી તમનો (અંધકારનો) નાશ થાય છે તથા હ્રદય કમળ ખીલે છે જ્યાં સુધી નિદ્રાવસ્થા હોય છે ત્યાં સુધી હ્રદય કમળ પણ બંધ રહે છે એવી રીતે બીજી આકૃતિની સમજુતી છે.

આકૃતિ ૩ જી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧. આ સ્થળ પાછલો ભાગ છે તેમાંથી દરેક નાડીઓનું આવાગમન થાય છે તેની સાથે નેત્ર સ્થાનની બે નાડીઓ મધ્ય દ્વારથી પ્રવેસીત થયેલી દર્શાવેલી છે તેમાંથી હ્રદયમાં જેવો ભાસ થાય તે પ્રમાણે નેત્રદ્વારાએ જોવાને ચપળતા પ્રાપ્ત થાય છે અથવા નેત્ર નળીઓવડે જે જે નળીઓ જોવામાં આવે છે તેનો હીચકારો તે નાડીઓ

દ્વારાએ હૃદયમાં પહોંચે છે તે એટલો તો જલદીથી પહોંચે છે કે તે કેવી રીતે પહોંચે છે તેની કલ્પના થવી પણ મુસ્કેલ પડે છે. એ દર્શમાન થયા પ્રમાણે સ્થુળદેહે કારોબાર થયાં કરે છે. ૨—૩ ના અંક દર્શાવેલા છે તે પોલાણનો ભાગ છે અને તેમાં અનંતાકૃતિઓના દેખાવો સમાધી દ્વારાએ જોવામાં આવે છે. તે અંકના સામે કર્ણ છે તેની કૃતિ નિરાળી છે તે બહારના શબ્દ વિજળીક શક્તિથી ગ્રહણ કરે છે એ વિજળીક શકિત પોલાણમાંથી આપો આપ ઉત્પન્ન થાય છે ને કાંઇ અવાજ થયો કે કાનના ઉપર અથડાતાં અંદરની બે તરફ બે ટીકીઓ છે તેનાથી અફળાય છે કે તેનો નાદ તે રંધ્રસ્થાનમાં પહોચાડી તુરત હૃદયમાં પહોંચાડે છે. એ કામ તે ઘણી બાહોશીથી કર્યા કરે છે. માણુસ જ્યારે નિદ્રાવસ્થામાં હોય છે તે વખતે પણ તે પોતાનું કર્તવ્ય છોડતી નથી. તુરતજ શબ્દ ગ્રહણ કરી પોતાના સ્વામીને ખબર આપે છે ને તેથી મનુષ્ય નિદ્રા ત્યાગ કરી ચેતન થાય છે તેજ પોલાણમાં કફનો ભાગ વધારે હોય અથવા પૃથ્વી તત્વ કે જળતત્વ વધારે હોય તો માણુસ બહેરો થાય છે. માત્ર તેમાં સમતી તત્વો રહે છે તો શ્રવણ શકિત સારી રહે છે તેમજ નેત્ર પણ સારાં રહે છે તે સ્થળમાં જો [1]સુરભેદ જો ઉલટ પાલટ થઇ તત્વો કમી જાસ્તી થાય છે તો માણુસના શરીરમાં વ્યાધિ થઇ આવે છે. ૪ નો અંક છે તે ત્રીકુટી સ્થાન છે તે સ્થળે માણુસ જેવી જેવી કલ્પનાઓ કરી જેવી જેવી ભાવનાઓ કરે છે, અને તેની દ્રઢતા

---

૧. સ્વર. સુર્ય અને ચંદ્ર સ્વર જે સમયે ચાલવો જોઇએ તેથી અન્ય રીતે ચાલવાથી તત્વો કમી જાસ્તી થાય છે. વિશેષ સ્પષ્ટતા માટે સ્વરોદયનું નીરક્ષણ કરવું. પ્રકાશક

નક્કી થાય છે ત્યારે તેમાંથી તે દેવા કૃતિ ઉત્પન્ન થઇ મનુષ્યને દ્રશ્યમાન થાય છે ને તે વડે તે પોતાની ઇચ્છા પુરી થઇ માને છે જેથી આખરે તે પ્રાણી દેવત્વને પ્રાપ્ત થાય છે અને જેની વાસનાઓ નષ્ટ થઇ આત્મા સાથે ઐકયતા કરે છે તે કૈવલ્ય મોક્ષને પ્રાપ્ત થાય છે. ૫–૮ આ અંકો બન્ને વિર્યમાંથી ઉત્પન્ન થયેલા સાર (ઓજસ)ની કુંપીઓ છે. ને તે આત્મ જ્યોતિના પાત્રમાં સાર પુરે જાય છે તેથી તે જ્યોત પ્રકાશમાન રહે છે માટે યોગી મહાત્માઓ બ્રહ્મચર્ય પાળી વિર્યનું સંરક્ષણ કરે છે મનુષ્ય જે ખોરાક ખાય છે તેનો રસ થાય છે ને તે રસનું લોહી થાય છે તે લોહીનું આખરે માંસ થઇ વિર્ય થાય છે અને તે વિર્યમાંથી હાડ થાય છે અને તેમાંથી સાર–ઓજસ તત્વ ઉત્પન્ન થાય છે જેમ સાર મગજમાં વધારે હોય તેમ જ્યોત અહોરાત્ર ભભકાથી પ્રકટે છે ને તે નિર્મળ હોવાથી આત્મા પવિત્ર રહી શુદ્ધ બનાવો જોઇ શકે છે તેથી તે પ્રાણીના હાથે હમેશાં અદ્ભુત તેમ મહાન્ કાર્ય થાય છે માટેજ તમામ જ્ઞાનીઓને એ સ્થળ માટે ઘણું સાચવવાનું છે, ૬–૭ નેત્ર સ્થાન છે તે ચક્ષુદ્વારાએ બહારના દેખાવો દેખાડે છે પછી પ્રાણીમાત્ર જ્યારે તે નેત્ર બંધ કરે છે ત્યારે તેની નાડી દ્વારાએ બાહ્ય તથા અંદરના દેખાવોને હૃદય સાથે ઐકયતા કરી મન સ્થીર કરી જુવે છે તો તમામ હકીકત તે જોઈ શકે છે (જાણી શકે છે) ને તે પ્રમાણે વર્તણુંક કરે છે. ૯ નું સ્થાન એ રંધ્રસ્થળનું દ્વાર છે ત્યાં આગળ હમેશાં આત્મા સ્થીર રહે છે ને તે તેમની સ્થીતિનું સ્થળ છે. આત્મા હૃદયના ભાગમાં જ્યારે ફરવા નિકળે છે ત્યારે કુંડલી ચક્રની પ્રદક્ષીણા કરી પછી ડાબી બાજુ રક્તાશય નિચે પ્રવેસીત થઇ મેરૂ દંડમાં ચઢીને મૂળ સ્થળ જે સ્થાને

૯ નો અંક છે ત્યાં હમેશાં સ્થીતિ કરે છે. ત્યારે કોઇ એમ શંકા કરશે કે એક સ્થળે રહે છે તો પછી તેને ઇશ્વર કેમ કહેવો? તેનું નિરાકરણ એવું છે કે આત્મા સર્વ સ્થળે વ્યાપક છે તેનું સ્થાન માત્ર કલ્પીત છે તે છે નહિ તો કોઇ પણ જગોએ બંધન માન નથી. લોહી, વિર્ય અને મળ એ ત્રણમાં માણસનું જીવિત સમાયેલું છે તેમાંથી એકાદનો ક્ષય થાય છે ત્યારે મનુષ્ય પ્રાણીના પ્રાણ વાયુનો નાશ થાય છે અને રકતાસય બંધ પડે છે કુંડલી અદ્ધર ચઢી આવે છે ને મુસ્તકનું પાછલુ દ્વાર બંધ થાય છે અને તેમાંનો અનહદ નાદ બંધ થઇ જાય છે નેત્ર નળીઓ કપ પુરીત થઇ જાય છે અને કુંપીઓમાં પાણી ભરાઇ જાય છે એટલે આત્મા જયોત જે તેની કૃતિ તથા વાસનાના સ્થળે ચાલી જાય છે ને તે જીવ પ્રાણવાયુ સાથે મુખ નાસિકા કાન, નેત્ર ઈીવા જુદા દ્વારાએ નિકળી જાય છે ને પછી તે પ્રમાણે જન્મને પામે છે. જો અધિક વાસના રહી ગઇ હોય તો કારણ દેહ (ભુત-પીસાચ) ને પ્રાપ્ત થાય છે. પરંતુ જે પુરૂષો યોગાભ્યાસ કરી આત્મ સ્થીતિમાં મળી પોતાના પ્રાણવાયુને સબળ કરે છે તેનું મૃત્યુ તેવી રીતે થતું નથી. તેઓ અમર કહેવાય છે ને તે બીજા દેહમાં પ્રવેસીત થઇ શકે છે અગર તો દેહ જીર્ણ થઇ જાય છે ત્યારે તે પોતાના પ્રાણવાયુને રંધ્રસ્થાનમાં લઇ જઇ દસમા દ્વાર વાટે તે બહાર નિકળી મહદાકાસમાં મળી જાય છે એવી રીતે ત્રીજી આકૃતિની સમજ છે

આકૃતિ ૪ થી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

(૧) એકનો અંક જે સ્થળે રાખેલો છે તે સ્થળ ઘણું રમણિય છે તેમાં નાના વિધની રમત ગમતના ખેલો થાય છે તે ઓરડો એક બેઠકના સામેનું એકાંત સ્થળે છે. તેમાં વાજીંત્રશાળા ગોઠવાયેલી છે તેનું નામ **અનાહદનાદ** આપવામાં આવેલું છે. આપણા વંજીંત્રોના તો સત્પસુર ત્રણ ગ્રામ અડતાલીશ તાલ અને ઓગણ પચાસ મુર્છ-નાઓ ઠરાવવામાં આવેલી છે પણ આ વાજીંત્રની તો અનહદ એટલે જેની સીમા નહિ તેની અદ્‌ભુત રચના કરેલી છે. ને તે શ્વાસોશ્વાસના આધારથી થયાં કરે છે. ૨-૩ અંક છે તે કર્ણેન્દ્રીઓ છે તેની નાડી-ઓ સદર ઓરડામાં દાખલ થયેલી છે તે નાદ ગ્રહણ કરે છે તેથા આનંદ થાય છે સદરહુ કર્ણેન્દ્રિયમાં અંદરના નાદ જાણવાની જીજ્ઞાસુ મહાત્માઓને ઇચ્છા થાય છે ત્યારે કાનમાં દાટા ઘાલી બહારના નાદ સાંભળવા બંધ કરે છે ત્યારે અંદરના નાદ સાંભળવામાં આવે છે ને તેથી અત્યાનંદ મળે છે. જે સ્થળે ૪ નો અંક રહેલો છે તે સ્થળે આત્મા વીરાજમાન થાય છે અને તેના સામેના ઓરડામાં અનહદ નાદ થયાં કરે છે. ૫-૬ ના અંક અમર કુંપીના છે જે માણુસનું જીવન તથા સુખ દુઃખનો આધાર છે. ૭ નો અંક છે તે સ્થળે જ્યોત છે તેની આગળના ઓરડામાં ઉજાસ પડે છે ને તે ભૂવનને દીપાવી આપે છે. ૮-૯ ના અંક બન્ને ચક્ષુના છે તે ચક્ષુઓ પણ અનહદ શ્રવણ વખતે બંધ કરી અંતર ભાસ માટે પ્રોવરાવવા પડે છે ત્યારે તેની રમુજ પડે છે ને તેમાં સ્વાદ લાગવાથી બહારના

બનાવો તથા નાદ વિગેરે ઉપર અભાવ થાય છે ને સૃષ્ટિના ઇશ્વરની તૃષ્ણા કમી થતી જાય છે ને આત્મામાં લીન થવાય છે ને છેવટે તેના વડે આત્મા બ્રહ્મના ચલકારાને ઓલખી કૈવલ્ય મોક્ષને પમાડે છે એવી રીતે ચોથી આકૃતીની સમજુતિ છે.

આકૃતિ ૫ મી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧ એક અંકવાળા સ્થાનનું વર્ણન પાછળની ચાર આકૃતિઓમાં વારંવાર કરવામાં આવેલું છે તે સ્થળના આગળ એક સ્વતંત્ર આડો પડદો (ભીંત) છે અને તે પડદાના મધ્યભાગમાં એક દ્વાર છે ને તેને બંધ ઉઘાડતા કમાડના પડદા છે તેમજ ભુત ભવિષ્ય અને વર્તમાનના પડદા પણ તેવાજ છે. તે દરેક પડદાને એકેક સ્વતંત્ર નસ સાથે સંબંધ હોય છે નસો ડોકની નસોમાં ઘણી બારીક તેમ મજબુત હોય છે ને તે ડોકને ઝુકાવવાથી પડદાને પાછા ખેંચે છે. જેવી રીતે નાટકના પડદાઓને દોરીઓ બાંધી હોય છે ને જ્યારે જ્યારે જ્યારે દેખાવો બતાવવા હોય છે ત્યારે તે ખેંચી લે છે ને તે દેખાવ થઇ રહે ફરી દોરી નરમ મુકવાથી ફરી તે પડદા પડે છે તેવી રીતે એ પડદાની પણ છટા છે તેથી વખતો વખત કૃતિઓ વડે તે પડદાઓ આછા પાછા થાય છે. ૨ નો અંક એ સ્વતંત્ર દેવાલયના ઘુમટની માફક પોલો છે ને તેમાં આકાસ પુરીત છે. આકાસનો સર્વ રંગ છે તેવી રીતે તેના અંદરના દેખાવો અનેક રંગ બે રંગી જણાય છે ને મધ્ય ભાગ સોનેરી છે તેમાં આત્મા સ્થીત રહે છે. ૩ એ

ત્રીકુટી સ્થાનની જ્યોત નીરંતર ઝળક્યાં છે ને તેમાં અનેક સાકર ઇશ્વર દેવની આકૃતિઓ જણાય છે. તે વાસ્તવીક જોતાં ખરી નથી. જેમકે થોરનાં પાદડાં લેઇ નાનાં છોકરાં રમત કરે છે ને પાંદડાને એવડું વાળી, ભાગી તેને યોનીની આકૃતિ માફક દબાવી વચમાં પોલાણ કરે છે ત્યારે તેના મધ્ય ભાગમાં પાંદડાના અંદર રહેલ ચીકણા પદાર્થનો (દુધનો) પટ પડે છે ને તેને વાયુનો સ્પર્શ થવાથી તેમાં મોર, પોપટ, કમળ, વીગેરે રંગ બેરંગી આકૃતિઓ જણાય છે તેથી બાળકો ખુશી થઇ બોલે છે કે "રાણી રોટલા કરે, મોર જમવા આવે" એમ બકી આનંદ માને છે પણ વીચાર કરતાં રાણી એ કોઇ રાજાની સ્ત્રી હોય છે ને તે મનુષ્ય પ્રાણી છે મોર એક પક્ષી તેનો કંઇ રાણી ઉપર અધિકાર પહોંચે નહિ તેમ તે જમવા પણ આવે નહિ. માત્ર અજ્ઞાનતાથી તેમ બીજાઓના બોલે બોલવાનો વહીવટ ચાલ્યો આવે છે ને તેમ કરે છે પણ અંત્યે તે સર્વસ્વ જુઠું છે તેમ જ્યોતિમાં આકૃતિઓ થવી અસંભવીત છે પણ લોકોના ચાલતા વહીવટથી નીરાકાર ઇશ્વરને માનવાની ભાવના તેથી તેવી ઉપાસના વડે તેમાં દેખાતા દેખાવોને ઘનશ્યામ–મોર મુગટ–મુરલીધર માની તેવા અલ્પ જ્ઞાનીઓ આનંદ માને છે તે સ્થળ આ છે. ૪–૫ નેત્ર સ્થાન છે. ને બહારના દેખાવો ખેંચી લઇ હૃદયમાં ઉતારી જ્યોતિમાં દેખાડે છે જેમ કે હાલના ફોટોગ્રાફરો જેની છબી પાડવી હોય તેના સામો કાચ ગોઠવી યાંત્રીક ક્રીયાથી તેની છાયા પડવા દઇ ફોટો ખેંચે છે તેમ નેત્રની કીકીમાં પ્રતિબીંબ પડવાથી મગજની વીજળીક શક્તિથી તે ખેંચાઇ છબી હૃદયમાં ઉતરે છે ને તે દેખાવ ત્રીકુટીયાં જણાઇ આવે છે પછી તે છબી ખસતી નથી. ને તેનુંજ મનન થયાં કરે છે;

ને મનુષ્ય પ્રાણી આખરે તે દેવ ગતીને પામે છે. દેવ ગતિ કાંઇ ઉત્તમ નથી. દેવ પણ એક જાતના ઉત્તમ પ્રાણીઓ છે તેમનો પણ મોક્ષ નથી જ્યારે પ્રલય વખતે સર્વ જગત બ્રહ્મમય થાય છે ત્યારે દેવો તેમાં વળી રહે છે ફરી જ્યારે સૃષ્ટિનું મંડાણ થાય છે ત્યારે તેમાંના પ્રમાણ જુદા પડી પોતાની મુળ સ્થીતિમાં આવે છે ને પોતાના અશ્રિતોને પણ સાથે લાવે છે તેમનું સંચીત પુરૂ થઇ રહે છે ત્યારે તેમને ફરી જન્મ ધારણ કરવા પડે છે. માટે ઉત્તમ તો એજ છે કે બ્રહ્મની માયા જાણવી પણ તેમાં લુબ્ધ ન થવું માયા જાણી એટલે બાકી રહયો તે ઇશ્વર તે પોત પોતાના રૂપને જાણવું એટલે એટલે જુદાઇ રહેતી નથી તેનું નામ કૈવલ્ય મોક્ષ કહેવાય ૬–૭ કુંપીઓ છે જેને લમણા કહે છે તેમાં રહેલી અમૃત (ચરબી) પીળું હોય છે તેનું નામજ જ્ઞાન બુદ્ધિ કહેવાય છે. તે ઉપરથી માણસ ચતુરતા કીંવા મુર્ખતાને પામે છે તે વીષે આગળ કહેવામાં આવશે. ૮–૯ કર્ણેન્દ્રીઓ છે તે જે જે અવાજો સાંભળે છે તે પોતાની ટીકી ઉપર સાંધી રાખે છે (લખી રાખે છે) જ્યારે જ્યારે ખપ પડે ત્યારે દેખાડી આપે છે. એવી રીતે પાંચમી આકૃતિની સમજુતી છે.

આકૃતિ ૬ ઠ્ઠી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ---

એક અંકવાળી જગોના પાછલા ભાગની માહીતી આગળ બતાવવામાં આવેલી છે. તેમાં જે નાડી બતાવી છે તે નાડી સુર ભેદની છે તેમાં થઇને પ્રાણવાયુને યોગી મહાત્માઓ પ્રવેશ કરાવે છે ને

રંધ્રસ્થાનમાં લાવે છે ત્યારે સમાધી થાય છે. ૨ અંક જ્યોતી સ્થાનો છે તે સ્થળે પ્રાણવાયુ આવે છે એટલે બંનેના સમાગમથી દેખાવ વીચીત્ર બ્રહ્માંડોના અનંત જીવોના તારાઓની માફક દેખાઇ આવે છે. તેથી અનુભવ સીદ્ધ થાય છે કે અને બ્રહ્માંડોમાં અનેક જીવોના પરમાણુઓ ફર્યા કરે છે. તેઓના પ્રારબ્ધ પ્રમાણે યોનીને પ્રાપ્ત થાય છે. ૩ સ્થાન એ મુસ્તકની મુળ ક્રીયા જોનાર છે. તે સ્થાનમાં જો વિકાર (વાયુનો) થઇ આવે છે તો માણસ દીવાનો થઇ જાય છે ને તેનાથી આ સૃષ્ટિનું કે ઇશ્વરી જ્ઞાન તેને બીલકુલ રહેતું નથી. પરંતુ પવિત્ર અને પ્રબળ થયેલો પ્રાણવાયુ તે સ્થળે ભરવામાં આવે તો આ સૃષ્ટિનું ભાન તજી ઇશ્વરી જ્ઞાનના અખંડ સુખને પ્રાપ્ત થાય છે; ને કોઇ વ્યાધી ન થતાં શરીરના અંદરની તમામ ક્રીયા બંધ પડે છે ને ખાવા પીવા સુદ્ધાંનું ભાન રહેતું નથી. ને સુખમય લાગે છે. તે સુખને મહાત્માઓએ અનંત વર્ણવેલું છે. આ સૃષ્ટિના સંપુર્ણ દ્રવ્ય, સદ્ગુણી સ્વરૂપવાન સ્ત્રી, પુત્ર પૌત્રાદિક, રાજ્ય સાહેબીમાં ગજ અશ્વાદિકના અધિપતિ અને ભોક્તા સાથે શરીરે અશક્ત, નીડર અને યાચકોના કર્ણ રાજાથી ચોતરફ કીર્તિનાં કીરણો પ્રસરી રહેતાં આ તમામ રીદ્ધિઓ કરોડો કલ્પ સુધી ભોગવતાં જે આનંદ પ્રાપ્ત થઇ શકતો નથી તેથી અનહદ આનંદ આ ભૂમિકાના ક્ષણમાત્ર દર્શનથી થાય છે—અનુભવાય છે. ૪–૫ નેત્ર સ્થાન છે તેનાં દ્વાર સમાધી વખતે બંધ કરવાનાં છે. તેમાં આ લોચક નામનું પીત્ત રહેલું છે જેનાથી રૂપની ચંચળતા બતાવી આપે છે. એવી રીતે છઠ્ઠી આકૃતિની સમજુતી છે.

આકૃતિ ૭ મી.

(મુખપૃષ્ઠ જુઓ.)

સમજુતિઃ—

૧ ના અંકવાળા સ્થાનમાં જે બે નાડીઓ બતાવી છે તે ચંદ્ર અને સૂર્ય નાડી છે. જમણા તરફની નાડીને સૂર્ય સૂર-સ્વર-કીંવા પુરૂષના દેહની નાડી કહેવાય છે. ને ડાબા તરફની નાડી તે ચંદ્રની પ્રકૃતિની કીંવા વાયુ કે વામા નાડી કહેવાય છે. તે બન્નેનો સંગમ થાય છે તે સ્થળને સુખમણા-સુષુમ્ણા-કહે છે. એ નાડીઓમાં થઇ સૂરો (સ્વરો) વહન થાય છે, ને તેના વડે લોહીની ગતિ શરીરમાં થયાં કરે છે ને તેથી ક્રિયાઓ થયાં કરે છે તે નાડીઓ નાભીથી હૃદયમાં થઇ રંધ્ર સ્થળે જાય છે. તેને સૂર કહે છે જે સ્વરની ગતીથી ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળનું જ્ઞાન થાય છે ને તેની ગતિમાં ફેરફાર થવાથી શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થઇ મનુષ્યની જીંદગી ટુંકી થાય છે ને તેથી તેનો ક્ષય પણ થાય છે, તે સૂરોને કેળવી નીયમીત રીતે ચલાવનાર યોગી મહાત્માઓ લાંબા આયુષ્યને ભોગવે છે તેમ અખંડ અનંત જ્ઞાન મેળવી દુનીયાદારીનું હીત કરી પોતે મોક્ષ પદને પ્રાપ્ત થાય છે. ૨એ વાયુ સ્થળથી ભરેલું છે. તેમાં પીત ભરેલું છે તે જ્યારે ઘણા ખાટા ખારા તથા ઉષ્ણ અને તીખા પદાર્થો ખાવામાં આવે છે ત્યારે પ્રકોપીત થાય છે. પીત્તનો સ્વભાવજ ઉષ્ણ હોય છે. તે પીત્ત સદર એના અંકની જગોએ હોય તે માણસ નીરોગી છતાં તેની નીદ્રા અલ્પ હોય છે ને હોય છે તે પણ ચપળ હોય છે. તેવા પુરૂષો સ્ત્રી સંગની ઇચ્છા પણ કમી કરે છે. કારણ કે તે પુરૂષ જ્ઞાની હોવાથી સદ્‌માર્ગ તરફ વળે છે ને તેમાં ગુંથાય છે એટલે અવળા રસ્તા તરફ તેમનું લક્ષ જતું

નથી. તેવા પુરૂષોને મિત્ર વર્ગ થોડા હોય છે પણ તેની રીતભાત લોકોને વીચીત્ર લાગે છે ને તે કોઇનાથી અટકળી શકાતી નથી. તથા તેવાઓના હાથથી દુનિયાનાં અદ્ભુત કૃત્ય થયાં જાય છે તેથી ઘણા લોકો તેની પાછળ ફર્યાં કરે છે પણ ભેદ સમજતા નથી. કોઇ જાણે કે આ તો જાદુગર હશે કોઇ જાણે કીમીયાગર હશે એમ તર્ક વીતર્ક કર્યાં કરે છે પણ ખરૂં શું છે તે તો જ્ઞાનીઓજ સમજે છે. હવે સદરહુ પીત્ત આહાર વીહારથી દુષીત થાય છે ત્યારે તેમાંથી ભ્રાજક નામનું પીત્ત જુદુ પડે છે ને તે કફની સાથે મળી જાય છે ને તે માથાના તમામ હાડકાઓમાં પ્રવેસીત થાય છે તેથી માથાના તથા દાઢીના વાળ ધોળા થઇ જાય છે કારણ કે વાળ એ હાડકાની ઉપધાતુ છે ને તે હાડકામાંથી ઉત્પન્ન થાય છે તેમાંનો પીળો પદાર્થ (પોલી નળીમાંનો) બગડવાથી થાય છે. તે પીત સમી હાડકાં સુધરે તો તેજ વાળ પાછા કાળા ઉગે છે. તે પીત નેત્ર નળીમાં પ્રવેસ થાય તો માણસ આંધળું થાય છે દાંતની જડોમાં ઉતરેતો દાંત પડી જાય છે. એ ભ્રાજક પીત્ત કફ મીશ્રથી ઉપર પ્રમાણે થાય છે. ને વાયુ સાથે મળવાથી ઉઅવા થાય છે. જેનાથી માથામાં ઝણુ ઝણુ નાદ થાય છે ને તેથી બહેરાસ થઇ આવે છે તથા મોં ચમારના કુંડ માફક દુર્ગંધ યુક્ત થાય છે. પીત્તવાળા કફના રોગને " ઝામરો " કહે છે એવા દર્દીઓ ઘણા જોવામાં આવે છે. ૩ અંક જ્યોતનો છે તે સ્થળે બન્ને સુર આવી જ્યોતીને નમસ્કાર કરી ક્ષણે ક્ષણે પરત જાય છે ને ફરી આવે છે. જેવી રીતે દરીયાનું પાણી કીનારા તરફ ધસી આવે છે ને ફરી પાછું જાય છે તેવી રીતે આ ક્રિયાપણુ થયાં કરે છે. ૪—૫ નેત્રદ્વાર છે. જે તમામ સૃષ્ટિની કૃત જોવાનું સ્થાન છે એવી રીતે સાતમી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૮ મી.

(મુખપૃષ્ટ જુઓ)

સમજુતિઃ—

૧ એક છે તે સ્થળમાં ભરેલ ક્રયાઓમાંથી વિશેષ મદ એકઠો થવાથી તેમાં જોડેલી બે નળીઓ દ્વારે બે તરફની બે કુંપીઓમાં એકઠો થાય છે તે સ્થળમાં જ્યારે સંપુર્ણ મદ (ચરબી) ભરાય છે એટલે તેમાંની નળીઓ મદથી ભરાઇ સખત થાય છે એટલે તેની સાથે રહેલી ભૂત ભવિષ્ય અને વર્તમાનની ત્રણ નસો ખેંચાય છે ને ત્રણે પડદા ઉઘડી જાય છે એટલે તે જગાઓ ઉપર જ્યોતનો પ્રકાસ પડે છે તેથી દસમાસ્થાને રહેલ પ્રાણવાયુની મદદથી માણસ કવિત્વપણાને ધારણ કરે છે. તેના કુંપીઓ (લમણા) ઉપરનો ભાગ ઉપસેલો હોય છે તે ઘણું કરી કવિતા કરવાવાળો થાય છે. જેના લમણા પાસેનો ભાગ સાધારણ (average) ઉપસેલો હોય તે લેખક થાય છે ને સંપુર્ણ (full) ઉપસેલો હોય તે કવિ થાય છે. કવિ કાંવા લેખકો કાવ્ય લખવા બેસે છે તે વખતે નાસિકા ઉપર બંને નેત્રની વૃત્તિ સ્થીર કરી કાનને પણ સ્થીરતામાં રાખી હૃદયમાંથી ઉર્મીઓ પેદા કરે છે ને મુસ્તકમાંથી જેવી પ્રેરણા થાય તેવું જીવ્હાદ્વારે વદે છે ને કરથી લખવાનું સરૂ કરે છે. ૨—૩ કુંપીઓનાં સ્થળ છે તેના ઉપરનાંજ હાડકાં ઉપસેલાં હોય છે. સદર બન્ને કુંપીઓ અંદરનો રસ વીકાર રહીત હોય છે તો તે માણસની બુદ્ધિ પવિત્ર હોય છે ને તેની કવિતા પણ દેશ હિતને ઇશ્વરી કુદરતનીજ હોય છે. જેનામાં પીત્ત વધારે હોય છે તેની કવિતા—કાવ્ય તીક્ષ્ણ તથા રાજકીય વલણનું હોય છે. કફ અધિક હોય તો કાવ્ય જડ અને નીરરસ હોય છે ને

વાયુ વધારે હોય તો નીંદીક કવિતા લખે છે અથવા રાજ રજવાડા અથવા દાતાઓની પ્રસંસા લખનાર થાય છે પણ જેના રસમાં ત્રણે (વાત પીત કફ) વાયુ સમાન હોય અને તે માણુસ નીયમીત આહાર વિહાર પ્રમાણે વર્ત તો હોય તો તેની કવિતા ગંભીર ગુઢાર્થી મોક્ષ અને ફળદાયક નીવડે છે અને તે ઘણીજ ત્વરાથી મોટા ગ્રથો તૈયાર કરે છે. ૪ અંક ત્રીકુટી સ્થાનનો છે તે ત્રીકુટીનો સાક્ષી છે. તે જેવી રીતે કવિતા કીંવા લેખને પાસ કરે છે તેવી રીતે પુસ્તક કબુલ કરી ડોક ઝુકાવે છે. એટલે હાથથી લખાય છે. એવી રીતે આઠમી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૯ મી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧ આ અંકની જગોએ થઇ શ્વાસો શ્વાસની ક્રીયા થયાં કરે છે. ને તેમાંથી અનેક કૃતિઓ તત્વોના પ્રકાસથી થાય છે. ષટ્ ચક્રો કે જે ગુદા, નાભી, હૃદય, કંઠ, તાળુ, રંધ્ર તેમનો યોગીઓ ભેદ કરે છે ત્યારે નાભી નીચે રહેલું કુંડળી ચક્ર કે જે સર્પાકારે રહેલું છે તે જાગૃત થાય છે ને તે જ્યાંસુધી જાગૃત થાય નહિ ત્યાં સુધી યોગાભ્યાસ સીદ્ધ થતો નથી. તે જાગૃત થયા પછી પ્રાણવાયુ, અપાન, સમાન, કૃકુલ, દેવદત્ત, ધનંજય, ઉમાન, નાગ, કુર્મ, વાન એ દસ પોત પોતીકી ક્રિયાઓ છોડી મૂળ મૂળ પ્રાણવાયુમાં લીન થાય છે. તે તમામ વાયુ પ્રાણવાયુજ છે. માત્ર તે જુદી જુદી જગોએ રહી જુદાં જુદાં કામો કરવાથી નામ નીરાળાં પડેલાં છે. નહિ તો તે પંચ પ્રા-

ણુથી જુદો નથી. તેની ઐકયતા થઇ ગુદા ચક્ર છોડી કુંડળી પ્રદક્ષિણા કરી નાભી ચક્રમાં પ્રાણાયામ વખતે પ્રાણવાયુ પ્રવેશ થઇ પછી ત્યાંથી હૃદય ચક્રમાં આવે છે. ને ત્યાંથી કંઠ ચક્ર ભેદી તાળુ ચક્રમાં ભેદ કરી પાછળ મેરૂ દંડમાં પ્રવેશ થઇ સાતમું જે બ્રહ્મરંધ્ર નામનું ચક્ર છે તેમાં પ્રવેશીત થાય છે. ત્યારે આત્મા જ્યોતિના પ્રકાસથી અનેક દેખાવો જોવામાં આવે છે ને દ્વંદવૃતિ ટળી ઐકયતાને પમાય છે. ૨-૩ ના અંક જે સ્થળે મુકવામાં આવ્યા છે. તે કર્ણેન્દ્રીઓનું સ્થળ છે. જે સ્થળોથી નાદ બ્રહ્મનું જ્ઞાન થાય છે તે બંને કર્ણ બંધ કરવાથી પ્રાણવાયુમાં અથવા જઠરાગ્નિમાં ધ્વનીઓ થતી સાંભળવામાં આવે છે. જેમ જળ અન્નના પ્રાસનથી સીતોષ્ણતા પ્રકટ થાય છે તેવીજ રીતે-તેમ નાદરૂપી જારણથી બાંધેલું મન પોતાની ચપળતાનો ત્યાગ કરી નીરાલંબ બ્રહ્માકારવૃતિના પ્રવાહને ધારણ કરે છે, કેમકે નાદના અનુસંધાનથી બાહ્ય અને અંતરની સર્વ ચીંતાનો ત્યાગ થાય છે. તેણે કરી બહીર મુખરૂપી ચંચળ મૃગમય જે આપણુ મન તે વસ થાય છે. જેમકે પુષ્પના રસ-પાનમાં ભમરાઓ લીન થવાથી સુગંધની ઇચ્છા કરતા નથી તેમ નાદમાં આસક્ત થયેલું જે ચીત તે પંચ વીષયની ઇચ્છા ધરાવતું નથી તેથી તે નાદ બ્રહ્મમાં લીન થયેલ મહાત્માઓ ક્ષણમાત્રમાં પોતાના મનની ચંચળ વૃતિઓને જીતી લે છે. જે મેઘ ગર્જના જેવા નાદો સાંભળ્યાં કરે છે ને વીશે પઅભ્યાસથી અતિ સુક્ષ્મ નાદો પણ સાંભળવામાં આવે છે. તે નાદો જ્યારે સાંભળવાના બંધ થાય છે. ત્યારે તુરીય પદને પમાય છે ને કાપજ્ઞાન થાય છે. જ્યાંસુધી નાદ સંભળાય છે ત્યાંસુધી ચીત આકાસમાં રહે છે. પરંતુ શબ્દનો ક્ષય થવાથી મનનો પણ ક્ષય થઇ પો-

તાનું જે મુળ સ્વરૂપ બ્રહ્મ તેમાં સ્થીર થઇ જાય છે. ૪ આ સ્થળ જ્યોતી સ્થાનના પ્રકાસનું છે. જેને બ્રહ્મરંધ્ર કહે છે તે સ્થળે જ્યોતનો પ્રકાસ સંપુર્ણપણે દેખાય છે. તે જ્યોત રક્તવર્ણ હોય છે અથવા તો સોનાના તારાને રૂપાના તારા મિશ્રિત પાણીના ફુવારાની માફક પ્રકાસીત જણાય છે. અગર દીવાની ચણુગાર્ઈઓ માફક ઉડતી નજર આવે છે તેનો ભાસ હૃદય ચક્રમાં પંચ પ્રાણધારક નીર ધુમ અગ્નિ જેવો જણાય છે. તેને યોગિઓ પુરૂષ કહે છે ને તેનુ પ્રમાણ ઝીણા છીદ્ર દ્વારાએ જોતાં અંગુષ્ઠના પ્રમાણ જેવડુ જણાય છે પણ જ્યારે પ્રાણ વાયુ પ્રાણાયમ કરી સમાધી નીષ્ટ થાય છે ત્યારે દરેક ઇન્દ્રીઓ પોત પોતીકા વ્યવહાર છોડી મહતત્વમાં લય થઇ હીરણ્ય ગર્ભ આત્મજ્યોતિમાં મળી જાય છે. તે સમયે કોઇ રીતે જુદાઇ માલમ પડતી નથી અને અનેક બ્રહ્માંડોનો પ્રકાસક પોતે હું એક છું ને અનંત જીવો તે મારા કીરણોના પ્રતિબીંબ કીંવા ચળકાશ છે તે મીથ્યા છે ને હું એક સત્ય છું એવું ભાન થાય છે; ને વાસનાઓનો ક્ષય થાય છે. તેથી જગકર્તા તથા સર્વ કુટસ્થ–અસંગપણું પ્રાપ્ત થાય છે તેનું નામ કૈવલ્ય મોક્ષ કહેવાય છે. એવી રીતે નવી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૧૦ મી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિ:—

૧. આ અંક એક નાડી કે જેમાંથી પ્રાણવાયુની સમગ્રતા કરી લાવવાનું મુખ્ય સ્થળ છે તે સ્થળમાં આવવાથી બ્રાહ્મના દેખા-

વોની ભૂલવણી પમાડનાર સ્થાન છે. તેમાંના વિચિત્ર દેખાવો કે જેમાં બુદ્ધિ પણ પહોંચી શકતી નથી એવાં અગમ્ય છે. મન બુદ્ધિ પાછળથી ઉત્પન્ન થવાં છે તો તે આગળની કૃતિને કેમ ઓળખી શકે. તો તે પરાધીન છે ત્યાંથા જે સ્થળે ૨ નો અંક મુકવામાં આવેલછે તે સ્થળમાં આવે છે એટલે કોઇ મનુષ્ય એક અંધારી નાળમાં પ્રવેશ કરી આગળના ખુલ્લા મેદાનમાં આવે છે ને એકાએક આંફળો ફાંફળો આમ તેમ જોઇ આજુબાજુ તપાસવા મંડી જાય છે ને અંધારામાંથી નિકળવાથી ઉજેસથી અંજાઇ જાય છે ને છેવટે તે બનાવો જોઇ સ્થીર થાય છે ત્યારે તેને ખબર પડે છે કે હું અમુક સ્થળે હતો, ત્યાંથી અહીં આવ્યો છું ને હવે મારે અમુક સ્થળે જવું જોઇએ. તેવીજ રીતે અંદરના અંધારા ઓરડામાંથી તે સ્થળે સુરતા આવવાથી તેવો બનાવ બને છે ને ત્યાંના બનાવો અસખ્ય નજર આવે છે પછી સુર સ્થીર થાય છે ત્યારે તે તમામ સ્થીર થઇ સુખમણામાં પ્રવેશ થઇ તમામ ભીનાવપણું ટળી જાય છે. ને મુળ સ્થિતિનું ભાન થાય છે. તો હું પોતે કોણ હતો હવે પછી કોણ જન્મ પામવાનો હતો ને તે સર્વ ટળીને હાલ કઇ અવસ્થાને પ્રાપ્ત થયો છું તેનું જ્ઞાન તે સ્થળે થાય છે ને પછી આનંદમય થઇ બહારના બનાવોની કલ્પનાઓ નષ્ટ થાય છે ને સુત્રાત્માનું જ્ઞાન થાય છે કે જે સુત્રવડે અનેક મણકા પરોવેલા છે તે મણકા જુદા છે પણ સુત્ર એક છે તેવી રીતે ઘાટ નિરાળા છે પણ આત્મા એક છે તે સ્થાતિને પ્રાપ્ત એટલે કોઇ જાતની જુદાઇ માનવાપણું રહેતું નથી તેથી તે કૈવલ્ય મોક્ષને પામે છે. ૩ નો અંક આજુબાજુના આકાસના પોલાણુનો છે તેમાંથી વાયુતત્વ થાય છે ને તે સર્વ સ્થળે વ્યાપક છે અને વાયુમાંથી અગ્નિતત્વ ઉત્પન્ન થાય છે ને તે અગ્નિમાંથી જળતત્વ થાય છે ને જળમાંથી

પૃથ્વી તત્વ થાય છે તેથી આ સ્થુળ દેહ થયો ગણાય છે આકાસના તમામ રંગની કલ્પના કરવામાં આવે છે. વાયુનો રંગ લીલો છે. અગ્નિનો લાલ છે. જળનો ધોળો અથવા ગુલાબી છે. પૃથ્વીનો પીળો રંગ છે એ રંગોનો દેખાવ વૃક્ષ બીજવત્ તેમાં યથાસ્થીત જણાઇ આવે છે આ સ્થળને સ્વર્ગ લોક પણ કહે છે માણસના ત્રણ દેહ હોય છે. સ્થુલ સુક્ષ્મ અને કારણ તે દરેકમાં પચીસ તત્વો રહેલાં છે સ્થુલ દેહ દરેકના જોવામાં આવે છે. તેનાં તત્વો પણ સ્થુલ હોય છે તેથી તેનો વાસ મૃત્યુ લોકમાં હોય છે બીજો સુક્ષ્મ દેહ તેનાં તત્વો પણ સુક્ષ્મ હોય છે તેથી તે ભુર્ લોકમાં રહે છે તે દૃષ્ટિએ જણાતો નથી પણ સ્વપ્નાવસ્થામાં પોતાનો સ્વતંત્ર કારોબાર કરે છે ત્રીજો કારણ દેહ છે તેનાં તત્વ પણ ગુઢ હોવાથી તે બિલકુલ સમજી શકાતો નથી અને તેનું રહેઠાણ સ્વર્ગ લોકના સાથેનો સંબંધ ધરાવનાર હોય છે તેથી તે સ્થળે વાસ કરે છે એ ત્રણ દેહ ઉપરાંત મહાકારણ દેહ તેનો વાસના ઉપરની સ્ફુર્ણાઓ છે તે તો બીલકુલ વિચારમાં પણ આવી શકતો નથી. તે તમામનો લય કરવાથી છેવટે મહાકારણ દેહમાં મળાય છે ને છેવટે તે પણ છુટી જાય છે. ને પોતાનું મુળ સ્વરૂપનું ભાન થાય છે કે હું કોણ; હું પોતેજ પ્રજ્ઞાન બ્રહ્મ છું તેનું નામ કૈવલ્ય મોક્ષ એવી રીતે દશમી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૧૧ મી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧. અંક છે તે સ્થાન પૂર્વ દીસાનું છે ને તે માથાના અગ્ર ભાગમાં છે તે સ્થળમાં સ્વેત વર્ણ તેજોમય છે. ૨નો અંક છે તે સ્થળ અગ્નિ કોણનું છે તેનો વર્ણ રક્ત છે. તેનો ગુણ નિદ્રા જાગ્રત્વપણુ, દુષ્ટવૃત્તિ એ દેખાડે છે તથા તેમાં વર્તાવે છે એનો ગુણ પ્રતિષ્ઠા, ઉદારતા ધૈર્યતા વીગેરેને વધારનાર છે. ૩ નો અંક દક્ષિણ દીસાનો છે. તે સ્થળ સ્યામ વર્ણ છે તેનો ગુણ ક્રોધ, ઉદાસીનપણું અને અસુભ વાસના દેખાડનાર છે તથા તેમાં પ્રવર્તાવાનો છે. ૪ નો અંક નૈરૂત્ય કોણનો છે તે સ્થળનો રંગ ભૂરો છે. તેથી તે સ્થાનમાં દ્વેસ અને કપટ રહેલું છે. તેથી તે સ્થળ તેમાં પ્રવર્તાવે છે. ૫ પશ્ચિમ (પાછલો ભાગ) દીસાનો ખંડ છે તે સ્થળનો રંગ સ્યામ શ્વેત વર્ણ છે, એટલે કાંઇક કાળાસવાળો રંગ રહે છે. તે સ્થળે પંચ વીષયની તૃષ્ણા, હાસ્ય વિનોદની ઉત્પત્તિનું મુળ છે ત્યાંથી તેમાં પ્રવર્તાવે છે ને દેખાડી આપે છે. ૬ નો અંક વાયવ્ય કોણનો છે તે સ્થળનો વર્ણ ગળી જેવો છે તેથી તેમાં અસંતોષ ચિંતા વીરૂદ્ધતા રહે છે ને તેમાંથી તે ઉદ્ભવ થઇ તે પ્રમાણે પ્રાણિઓને પ્રવર્તાવે છે. ૭ ના અંકવાળુ સ્થાન ઉત્તર દીસાનું છે. તે સ્થળનો વર્ણ પીળો છે તેથી એ સ્થાન વીષય ભોગ, પ્રીતિ, તર્કની તૃષ્ણાનું છે તેથી એ સ્થાનેથી તે વીષયો ઉત્પન્ન થઇ ભોગ ભોગવાવે છે. ૮ ના અંકવાળુ સ્થાન ઇસાન ખંડ છે. તેનો વર્ણ પણ શ્વેત છે તે પુર્વમાં રહેલા વર્ણ કરતાં અધીક સીતળતા વાળો છે તેથી એ સ્થળમાંથી

દયા, ક્ષમા, સુભ વિચાર, ધર્મેચ્છા, એ આ ઉત્પન્ન થઇ તે પ્રમાણે સારાં કૃત્યોમાં ચલાવે છે ૭ નો અંક જે સ્થળે છે તે સ્થાન મધ્ય ભાગનું છે ને તેનો વર્ણ સોનેરી છે તેથી એ સ્થાનમાંથી જ્ઞાન બુદ્ધિ અને આત્મજ્યોતિ પ્રગટ થઇ આવે છે એવી રીતે સમજી દરેક જ્ઞાની મહાત્માઓ તેના ઉપરથી ચાલતા સ્વરના ધોરણે સામા માણસની વૃત્તિઓ સમજી શકે છે ને તે ધોરણે દરેકને જવાબ આપે છે. આ તમામ ક્રીયાઓ શ્વાસો શ્વાસના ધોરણે રહેલી છે તેમાં કમી જાસ્તી થાય છે ત્યારે તત્વોનું કમી જાસ્તીપણું થઇ દરેક ખંડનો જે રંગ રહેવો જોઇએ તે પ્રમાણે ન રહેતાં ફેરફાર થાય છે ત્યારે દરેક જ્ઞાનીઓ અગમ ચેતીથી સમજી જાય છે કે હવે આપણા શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થવાનો છે. પછી તે વ્યાધિ તો બનતાં સુધીમાં તો થતો જ અટકાવે છે નહિ તો તે થયા પછી શ્વાસોશ્વાસ નીયમસર ચલાવી જે તત્વ વધારે થયું હોય તેને કમી કરે છે ને જે કમી થયું હોય તેને અધિક કરે છે. (અર્થાત્ પ્રભુના અખુટ ભંડારમાંથી—આકાશમાંથી જે તે તત્વોની આપ લે કરે છે.) પછી નીયમસર મીતાહાર કરે છે એટલે વ્યાધીઓ સમી જાય છે. ને ઇંદ્રીયો પોત પોતાનું કામ સંભાળી લે છે નીરવીઘ્નપણે સરીર સંપત્તિ સારી રહે છે. એ સુર ભેદ જાણવાની ઇચ્છાવાળા પુરૂષો એ સ્વરોદય—પ્રકાસ નામના ગ્રંથથી માહીતી મેળવી લેઇ પછી તેની ક્રીયાઓ સદ્‌ગુરૂ શોધી સીખી લેવી જોઇએ. ને તે સીખ્યા સીવાય ગુપ્ત વિદ્યાનો લાભ લેવો તેમ મળવો મુસ્કેલ છે. એ રીતે અગીયારમી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૧૨ મી.

(મુખપૃષ્ટ જુઓ.)

સમજુતિઃ—

૧ ના અંકવાળું સ્થાન રસમય ભરપુર છે ને તેમાંથી તમામ નસોનો પ્રવેશ છે ને તે નસોનું પોષણ પણ તેમાંના પદાર્થો વાટે થાય છે જે શ્વાસો શ્વાસની ક્રિયા થાય છે તેમાં સુખમણા દ્વાર પણ ત્યાંથી છે ને જ્યારે સુખમણા વહન ગતી થતી હોય ત્યારે તમામ નસો નરમ પડે છે. એવા વખતે ગ્નાની મહાત્માઓ આત્મ જ્યોતિનું ધ્યાન ધરવા બેસી જાય છે પણ બીજા દુનાયાના કારોભારમાં પ્રવૃત થતા નથી. એ ગુપ્ત વિદ્યા જાણનાર મહાત્માઓ કહે છે કે તે વખતે જે ધ્યાન ધરવામાં આવે છે તેનાથી પાંચ પ્રાણ મેરૂ દંડ ઉપર ચઢે છે ને નાડીઓનું ચલન બંધ થાય છે એટલે કુંડલી ચક્ર ઉંધુ પડે છે અને મૃત્યુનો ભય રહેતો નથી ને તે પોતાના આત્માને સોહં આત્મા ૐકાર રૂપ આત્માને વિષે સૂર્યના કીરણો પ્રમાણે લીન થઇ જાય છે. અને માત્ર એક અખંડ અદ્વૈતરૂપ અચંચળ નિરાકારી આનંદજ રહે છે પણ તે વખતે જો માણસ પ્રયાણ કરે તો તેનો નાસ થાય છે અગર તો ચોરી થાય છે અને ઘણાં વીઘ્નો નડે છે તેમ અપમાન પામે છે માટે સુખમણા વખતે તેવાં શુભ કામોમાં પ્રવૃત થવું નહિ પણ સ્થીર ચીત્ત રાખવું. ૨—૩ નો અંક એ ચક્ષુ છે તેના દ્વારા તમામ બહારના દેખાવો જોવાને મનુષ્ય પ્રાણી પ્રવર્ત થાય છે તે છે. જ્યારે આ વિશ્વનું સ્વરૂપ તથા તેની તમામ ક્રીયાઓ યોગી મહાત્માઓને જોવી હોય ત્યારે સૂર્ય પૂર્વ કીંવા પશ્ચિમ તરફ હોય તેના તરફ પીઠ કરી પોતાની છાયા જ્યાંસુધી જાય તેના છેડા ઉપર એક સરખી

નજર ઠરાવે છે ને મન એકાગ્ર કરી નજર સ્થીર નાસિકા તરફ રાખી નીચેના મંત્રનો જપ કરતાં નીદાન આંખો બંધ ન કરતાં નીદાન પા કલાકથી એક કલાક સુધી જોતા ઉભા રહે છે. મંત્ર अजरोहं, अमरोहं, मुक्तोहं, शिवोहं ને પછી એકદમ આકાશ તરફ દેખે છે એટલે પોતાની આંખના અંદર છાયાનો ફોટો બંધાયેલ એક વૈરાટ પુરૂષ શ્વેત વર્ણ નજર આવે છે ને તે કાર્ય એકના અંકની અંદરથી વીજળીક શક્તિથી પ્રકટ થઇ કરે છે. પછી તે ફોટોગ્રાફ ૪ ના અંકના તક્તામાં આકર્ષીત થાય છે. ને ત્યાં ઠરે છે તેનાથી હૃદયમાં ચીતાર પડે છે ને પછી તે પુરૂષ ઘણા દીવસે અભ્યાસ વડે ગુપ્ત વિદ્યાનો સંપુર્ણ લાભ મેળવી સૃષ્ટિનો કર્તા પોતે બને છે. આ ચમત્કાર મુસ્તક વિદ્યાનો છે ને તેનાથી સૃષ્ટિનું જ્ઞાન થવાથી અનેક ચમત્કારો લોકોને કરી બતાવે છે. તેથી તેવા લોકો જગતમાં પુજનીક થાય છે. એ વૈરાટની સત્તા ઘણી ચમત્કારી થાય છે તે વૈરાટ ઉપરથી પોતીક મૃત્યુની માહિતી મળે છે. એ છાયામાં મસ્તક ન જણાયતો છ માસમાં મૃત્યુ જાણવું. હાથ ન જણાય તો સગા સંબંધીનું મૃત્યુ જાણવું. તે છાયાપુરૂષનો પીળો વર્ણ હોય તો પીત્ત વીકાર થશે એમ જાણવું લાલ દેખાયતો ગરમીનું દર્દ ઉત્પન્ન થશે તે નક્કી જાણવું. લીલુ કિંવા વાદળી જણાવે વાયુનો ઉપદ્રવ જાણવો. અને જાંબલી રંગ કે ઘેરો ઘોળો જણાયતો કફનો વ્યાધિ થશે. તેમજ તમામ રંગ મીશ્રીત દેખાય છે તો તેનાથી સન્નીપાત થશે. તે નકકી માને છે ને જે જે વ્યાધિ થયો હોય તે તે સમન માટે સૂરોને સાધ્ય કરી તત્વફેર કરવાથી વ્યાધિ નષ્ટ કરે છે એવી રીતે ૧૨ મી આકૃતિની સમજુતી છે.

આકૃતિ ૧૩ મી.

(મુખ પૃ૪ જુઓ.)

આ આકૃતિ મસ્તકના નીચલા પડદાની છે ને તેમાં બતાવેલા આકારો તેના ઉપરનાને ખોપરીના વચ્ચેના દર્શાવ્યા છે. તેનું ધ્યાન અવસ્ય લક્ષમાં લેવા જેવું છે. ૧ નો અંક છે તે કોઠો પ્રથમ મન્યાની નસો તથા ડોકીને ધારણ કરનાર ચાર હાડકાની નળીના પ્રવેસનો છે. જ્યાંથી સ્વરો પ્રવેસ થાય છે તે પ્રથમ ઓરડો (ખાનું) છે. તેમાં ચૌદ પાંખડી બતાવી છે તેમાં સ્વર (સુરો) પ્રવેશીત થાય છે અને તેની ગતિ ઉપર મનુષ્ય પ્રાણિનું જીવીત રહેલું છે તેમાં કમી જાસ્તી થાય છે ત્યારે અનેક પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે માટે તેને યોગીઓ કેળવણી વડે નીયમીત–પણે ચલાવે છે ને તેનાથી આત્મ જ્યોતિ સુધી પહોંચે છે. એ ચૌદ પાંખડી કમળનો આકાર છે ને તે પાંખડીઓમાં બારીક છીદ્ર હોય છે તે વાટે બારિક પવન ગળાઈને ઝીણી ઝીણી ધારાઓથી ઝપાટાબંધ પ્રવેશ કરે છે. ને તેનાથા વીજળીક રોશનની જ્યોતિની પ્રાપ્તિ થાય છે તે સ્થાન છે. જે સ્થળે ૨નો અંક છે. તે બીજો ખંડ છે તેમાં બતાવેલ રજકણો મધ્યમાં છે તે જેમ ફુવારાની કુંડી પડતા પાણીને ઝીલવા માટે બાંધેલી હોય તેમ બાંધેલી છે તેમાં આત્મ જ્યોતિના સોનેરી રૂપેરી ફુવારાના રજકણો પડી આનંદથી એકઠા થાય છે. જેવી રીતે દારૂખાનાના બપોરીયાંના અવનવા રંગના કીરણો છુટે છે તેવી રીતે તે સ્થળે છુટતી જણાય છે. તે સ્થળ ઘણું રમણિય માલુમ પડે છે. આ સ્થળેથી ૩ તથા ૬ ના અંક છે. તે કાનના નળીઓ સાથેના સંબંધ ધરાવનાર છે. ૪–૫ ની નસો કુપીના સ્થાને જોડાએલી છે. એકના સ્થળમાં જે કમળ

દર્શાવ્યું છે તેમાંથી અમૃત એકઠું થઇ ર ના સ્થાનવાળા રજકણુવાળા ખાડાઓમાં વાયુદ્વારે ઘસડાઇ જાય છે. જેમ કમળના અંદરની રહેલ પરાગ પવન મારફતે ઉડી બીજાઓને સુગંધી આપે છે તેવી રીતે તેમાંની પરાગ ઉડે છે ને તેમાંનું મધ તે સ્થળે સુગંધી સહીત ઘસડાઇ જઇ એકઠું થાય છે તેને અમૃત કહે છે. જેને કેટલાક લોકો અમી પણ કહે છે ને તેનો રસ અણી અગરનો ખેલ કરનાર યોગી લોકો ચાખે છે. તેઓ જ કહે છે કે તેનો સ્વાદ અવર્ણનીય છે. એ સ્વાદ જેણે ચાખ્યો તેને પછી બીજા કોઇ પ્રકારના રસ કીંવા સ્વાદો સાચ લાગતા નથી ને તેથી આ જગતનો રસ ફીકો મીથ્યા જાણી હીરણ્ય ગર્ભમાં મળે છે. કેટલાક કાળે તેઓ પરબ્રહ્મના તેજને પણ જોઇ શકે છે. તેઓ તેજ તત્વ વેત્તાઓ કહેવાય છે. હીરણ્ય ગર્ભ એ પાંચે પ્રાણવાયુનું સંમીલપણું થઇ ઐક્યતા થાય તેને કહેવામાં આવે છે ને તે પંચ પ્રાણનું સ્વરૂપ એક થવાથી સાક્ષાતકારપણાને પમાય છે. પછી તે પ્રાણવાયુનુ મુખ્ય સ્થાન હ્રદય છે ને તેમાં તે પ્રવેશ કરે છે. જેમાં મુખ્ય ૧૦૧ નાડી માહાત્માઓ બતાવે છે. તે પ્રત્યેક નાડીમાં સો સો ફાંટા બારીક હોય છે ને તે બધી મળીને બારીક જાળની બહોતેર હજાર નાડીઓ છે તે સર્વમાં વ્યાન વાયુ વીચરે છે ને તે ત્રણ નાડીઓમાં હોય છે તે આત્મા કીંવા હીરણ્યગર્ભ અથવા આદિતી કહેવાય છે. તે ત્રણ નાડીઓને સ્વરો કહે છે તે સુર્ય, ચંદ્ર, અને સુખમણા એ શ્વાસ ક્રીયાઓ કુદરતથીજ થયાં કરે છે. તે પવન જ્યારે અંદર ખેંચાય છે ત્યારે સો એવો શબ્દ થાય છે. અને જ્યારે અંદરથી બહાર નીકળે ત્યારે હું શબ્દ થાય છે. તેને યોગાભ્યાસી પુરૂષો અજપાજાપ કીંવા ગાયત્રી કહે છે તે પંચ પ્રાણનું

એકંદરરૂપ થાય છે. તેનું નામ સોહં એટલે હીરણ્ય ગર્ભ જ્યાં સુધી પ્રાણુવાળુ હોય ત્યાં સુધી માણુસ જીવે છે પ્રાણુવાયુ નાશ થયો કે મનુષ્ય પ્રાણીનો નાશ થાય છે. માટે સુરો નિયમસર ચલાવી પ્રાણુ તથા મનનો લય કરવો અવસ્ય છે. તેની રીતે જ્યારે પરીપૂર્ણ થાય ત્યારેજ કૈવલ્ય મોક્ષ પમાય છે. માટે શ્વાસ નીયમિત કરવો જોઇએ, સૂર્ય ચંદ્ર બંનેની ગતિને રોકી સુખમણામાં સ્થીત થવાય છે ત્યારે કુંડલીચક્ર ઉધુ પડી બ્રહ્મરંધ્રમાં લીન થવાય છે, ને તે બ્રહ્મરંધ્રચક્રમાં સુખમણાને ઘણા કાળ સુધી રાખનાર યોગી મહાત્માઓને કાળનો ભય રહેતો નથી. ને તે મૃત્યુને જીતે છે. ને પોતાની મરજી માફક મૃત્યુને ચલાવે છે. તેમાં નાડીઓ ચલાવનાર મહાત્માઓ ચૌદ પાંખડીના કમળને પવન અથડાવે છે, તેથી કમળ પાંખડી ફટફટી આનંદીત ઉલકારીને પામે છે, પ્રાણુવાયુને રોકવો તેનું નામ પ્રાણાયામ કહેવાય છે, તેમાં પુરક, રેચક, અને કુંભક ત્રણ ભેદ છે. આ અનાત્મ જગત છેજ નહિ અથવા તેના સર્વ પદાર્થ અસત્ય જાણી તેની કલ્પનાઓ કાઢી નાંખવી તેનું નામ રેચક છે. એક બ્રહ્મ સત્ય અને તે હું છું એવી દ્રઢ વૃત્તિ રાખવી તેનું નામ પુરક. આ આત્મા નીરાકાર મુળ સ્વભાવ પ્રમાણે સર્વત્ર ને હું છું એવી બ્રહ્માકાર વૃત્તિ દ્રઢ કરવી ને વૃત્તિભાવનાનો દ્રઢ નિશ્ચય કરવો. તેનું નામ કુંભક છે. પરંતુ અજ્ઞાનીના વાસ્તે તો નાસિકાઓ રોકી પ્રાણાયામ કર્યા સીવાય છુટકો છેજ નહિ, તેવી રીતે જે પ્રાણુવાયુને ચલાવવાથી તે કમળમાં અનંતાનંદનો રસ ભેગો થાય છે તે સ્થાન એ છે એવી રીતે ૧૩ મી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૧૪ મી.

(મુખ પૃષ્ટ જુઓ.)

આ આકૃતિમાં ૧ નો અંક છે તે પ્રથમનો ઓરડો સમજવાનો છે ને આ આકૃતિ ખોપરી તથા તળેની સપાટીના મધ્ય ભાગના દેખાવની છે. તેમાંનો થોડો થોડો ભાગ જુદો પાડી વિવેચન કરવામાં આવે છે કારણ કે એકજ આકૃતિ પાડી બારિક ભાગ દેખાડવામાં આવે તો તે સમગ્ર એકદમ સમજવું કઠણ પડે તેમ હોવાથી નીર નિરાળી આકૃતિઓ દેખાડી છે જે સ્થળે ૨ નો અંક છે તે સ્થળ મન્યાની નસોનું છે તેના ઉપર એક ફુલ વીંટાએલું છે જેમાં સ્વરોની વહન ગતિ થઇને ૩ ના અંકની જે ગોળ કુંડી બતાવી છે તે સ્થળે બારીક છીદ્રથી પ્રવેશ થઇ ચારના અંકવાળા સ્થાનને પ્રદિપ્ત કરવામાં મદદગાર બને છે ત્યાર પછી ૩ નો અંક જે સ્થળે રાખવામા આવેલ છે તે સ્થળ વિર્યનું છે, તેમાં નાના પ્રકારના રસો ખાવાથી બીજા બીજા પ્રકારના તત્વના પરમાણુઓથી બનેલું હોવાના લીધે તેને સૂરોની ગતિ લાગવાથી જેમ સમુદ્ર કીંવા તળાવમાં અનેક તરંગો (લહરીઓ) ચાલે છે તેમ તે વીર્યમાંથી અનેક તરંગો ઉપજાવે છે ને તે પ્રમાણે મનુષ્ય પ્રાણીના હૃદયમાં પ્રેરણા થઇ વર્તન કરવા તરફ વલણ થાયછે કારણ કે જે તત્વનું જોર વધારે હોય તે પ્રમાણે ગુણો વીર્યમાં આવે છે જો પૃથ્વી તત્વવાળા પદાર્થ ખાવામાં આવે તો તેવા ગુણ આવે છે. પૃથ્વીતત્વ[1] પીળુ છે ને તેનો ગુણ ઉષ્ણ છે તેમ સ્વાદ તીખો

---

૧ તત્વોના ગુણ સ્વાદ આકાર વિગેરેની સ્ફુટતા માટે શ્રીનાથ સ્વરોદય જોવો–પ્રકાશક.

છે તેથી પૃથ્વીતત્વ હોય તો સુખ ભોગવવાને આગ્રહ અને પ્રીત ઉત્પન્ન કરે છે અને મુખ્યત્વ કરીને સ્નાયુ તથા નસોમાં ચાલતો રસનો ભાગ ત્વચા અને કેસને સુધારે છે. પરંતુ વિર્યનો નાસ કરે છે. તેમજ જળ તત્વ વધારે હોય તો તેનો ગુણ શીતળતાનો છે તથા રંગ શ્વેત છે અને સ્વાદ મધુર છે તેથી તે વીર્ય રકત–ચરબી અને મુત્ર તથા થુંક વિગેરેને યોગ્ય રીતે પુર્ણ કરી પોતાનું કામ કરવાને મદદ આપે છે. જો વાયુતત્વનું વધારે સેવન કરવામાં આવતું હોય તો તેનો ગુણ સાધારણ સીતળતાનો છે તેમ રંગ લીલો છે. તેથી સ્વાદ ખાટો હોઇ સંકોચન ગતિ અને અંત તિવ્રપણું ઉત્પન્ન કરે છે. જો તેજ તત્વ (અગ્નિ તત્વ) નું વધારે સેવન થાય તો તેનો ગુણ ઉષ્ણતાવાળો છે તથા વર્ણ રકત છે. સ્વાદ ખારો છે. તેનાથી ક્ષુધા, તૃષા, નિદ્રા, આળસ્ય વીગેરેને પ્રદિપ્ત કરે છે જો આકાસ તત્વનું વધારે સેવન થાય તો તેમાં સઘળા તત્વોના ગુણો રહેલા છે તેથી કરીને અનેક પ્રકારના રંગો દેખાઇ આવે છે. અને અનેક પ્રકારના કાર્યો કરાવે છે. એટલા માટે યોગી મહાત્માઓ તથા ગુપ્ત વિદ્યાના જાણનારા વિદ્વાનો ભિન્ન ભિન્ન પ્રકારના સ્વાદો તથા તત્વોના સેવનનો ત્યાગ કરી ઘણુંકરી તેઓ કંદમુળ ફળ વિગેરેનું સેવન કરે છે. તેથી કરી તેઓની બુદ્ધિઓ પવિત્ર રહે છે અને તેમનું વિર્ય શુદ્ધ પરમાણુંઓનું બનેલું રહે છે. તેથી કરી તેમનાં અંતઃકરણ ચોખ્ખાં હોવાના લીધે ઇશ્વર તરફ વલણ હોઇ સ્વાભાવિક રીતે નીતિનાં વલણથીજ ચાલે છે. તેઓ હમેશાં ઉપાધિકારક કૃત્યોથી દુર રહી એકાંત વાસને ચાહે છે તેથી તેમનો પ્રાણવાયુ સબળ થઇ દીર્ઘાયુષને ભોગવે છે અને તેમનો આત્મા પવિત્ર હોવાને લીધે સ્વભાવિક રીતે આ દુનિયાના મનુષ્ય પ્રાણિ તેમ પશુ પક્ષી આદિકના આત્માઓનું વલણ તેવા

પુરૂષો તરફ સ્વાભાવિક રીતે માયાળુ થઇ તેમના ઉપરની પુજનીક બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને તે પુરૂષને ઇશ્વર તુલ્ય તેઓ (જગત) માને છે. તે માટે સદવર્તન રાખવાથી તેજ સ્થાનનું વીર્ય ભરપુર અને પવિત્ર રહે છે. આહાર તથા વિહારોથી શરીરમાંના ચાલતા શ્વાસો શ્વાસમાં ફેરફાર થાય છે તેથી કરી જો ચંદ્ર સૂરની વધારે વહન ગતિ થાય તો તેનો ગુણ સામાન્ય શીતળતાવાળો હોવાથી નળી વાટે કે જેમાં બેનો અંક મુકવામાં આવ્યો છે. તેજ સ્થળેથી પવન ચાલી ત્રણના અંકમાંનું વિર્ય ભેદાઇ જાય છે અને તેના વડે કરી પુરૂષને રાત્રે અનેક પ્રકારના વીકારોવાળી વૃત્તિ થઇ સ્વપ્નાવસ્થા થાય છે. સ્વપ્નાવસ્થા થવી એ શરીરને ઘણું હાનીકારક છે. એક વિદ્વાનનો એ વિષે એવો મત છે કે છ સ્ત્રીઓ સાથે પુરૂષ સંભોગ કરવાથી જેટલું શરીરને નુકશાન થાય છે, તેટલું એક વખત સ્વપ્નાવસ્થા થવાથી શરીરને હાની પહોંચે છે. માટે આહાર વીહારનો નીયમ રાખી વિર્યને સાચવવાથી ત્રણના અંકવાળી જગોમાં પારાની માફક ચોખ્ખું ચળકાટવાળું તે જમા થઇ રહે છે અને તેના ઉપરથી સુરોની ગતિ ચારના અંકમાં પહોંચે છે. હવે ચારનો અંક બતાવવામાં આવ્યો છે. તેજ સ્થાન આત્માની જ્યોતિનું છે. તેમાંથી તેજનાં પરમાણુંઓ ઉડયાં કરે છે તેના ઉપર સુરો માર્ગે શ્વાસ આવી ભેટ કરી પરત ફરે છે. એ શ્વાસ ત્રણના સ્થાન ઉપરથી આવે છે. ત્રણનું સ્થાન વીર્યનું છે ને તે પવિત્ર હોય તો તેના ઉપરથી આવેલો શ્વાસ પવિત્ર રહે છે તેથી આત્મા જ્યોતિને મલીનતાનો પાસ ભાસતો નથી. અને કેવળ આનંદમય લાગે છે. જો વિર્યનું સ્થાન બગડેલું હોય તો તેના સ્થાનને સંસર્ગ થઇ આવેલો શ્વાસ મલીનતાના સ્પર્શવાળો હોવાથી ખેદ ઉત્પન્ન થાય છે. જેમકે શીતળ ચોખા જળથી ભરેલું, કમળોથી

ખીલેલું સરોવર હોય અને તેના ઉપર થઇ આવતો મંદમંદ પવન સુગંધીમય તથા સીતળ હોવાથી મનુષ્ય પ્રાણીને આનંદ પમાડે છે. તેવી રીતે એ સ્થળનું પણ મહાત્મ જાણુવાનું છે જેમકે એકાદ ગટર કીંવા સંડાસની દુર્ગંધમય જગો ઉપરથી સંચાર થઇ આવતો પવન મનને કંટાળો આપે છે તેમજ વીર્ય બગડેલા ઉપરથી ચાલતો આવેલો શ્વાસ આત્મજ્યોતિને કંટાળો આપી માયાના આવરણમાં નાંખી દે છે તેથી કરી અનેક પ્રકારની સંસારિક સુખ ભોગવવાની વાંછનાઓ હૃદયમાં પ્રકટ થાય છે. કારણ કે ત્યાંથી પાછો ફરેલો શ્વાસ હૃદયમાં આવે છે અને તેના વડે કરી કલ્પનાઓ થાય છે. પરંતુ તેનાથી આ લોકનું કીંવા પર લોકનું કોઇપણ પ્રકારનું સુખ ભોગવાતું નથી. માત્ર ભ્રમણાઓથી મન વિકારવાળુ થઇ તૃષ્ણાઓ પુરી ન પડવાના લીધે આ જીંદગીને કંટાળો આપે છે અને તેના વડે કરી દુખમય જીંદગી જલદી પુરી કરી થોડા વયમાં મનુષ્ય પ્રાણી પોતાના દેહનો ત્યાગ કરી પોતાના બંધાયેલા નવીન સંસ્કારો પ્રમાણે પુનઃજન્મને ધારણ કરે છે. એવી રીતે આ ઉપર કહેલી ચૌદમી આકૃતિની સમજુાત છે.

આકૃતિ ૧૫ મી.

(મુખ પુષ્ઠ જુઓ.)

૧ એકના અંકવાળુ સ્થાન છે તે સ્થાન નાડીઓને પ્રવેશ થવાનું છે. ને તેમાં ત્રણ રેખાઓ છે તે ત્રણે સ્વરો ચલાવનારી નસો છે તે પ્રથમના ઓરડામાંજ ત્રણ સ્વરો ભેગા થઇ આગળના ઓરડામાં આવી પ્રથક પ્રથક સ્થાને વહન થઇ ક્રિયાઓ પણ નીર નીરાળી કરે છે. જે સ્થળે ત્રણ ભેગી થયેલા સ્વરો છે તેને સંગમ કહે છે. અથવા સંધી પણ કહે છે. જેનું મુખ્ય નામ સંધ્યા છે. જે કરવાને માટે યોગી મહાત્માઓ રાત્રી દીવસના મેળ પાડતા જણાય છે. એ ત્રણ નાડીનાં નામ જમના, ગંગા, સરસ્વતિ છે. યમુના એટલે ચંદ્ર સ્વર, ગંગા એટલે સૂર્ય સ્વર, સરસ્વતિ એટલે સુખમણા (સુષુમ્ણા) એ ત્રણે સૂરો ઉપર મનુષ્ય પ્રાણીના સારા નરસાના તથા જીતનો અને જ્ઞાનોદયનો આધાર રહેલો છે. જ્યારે એક સૂર બીજી ગતિમાં પ્રવેશ કરે ને બે સ્વર સાથે ચાલે તેને સુખમણા કહે છે. તે ઇશ્વર ભજન માટે સારી છે. તેવે સમયે પ્રાણાયામ કરી સંધ્યાવંદન કરે તો સમાધી પ્રાપ્ત થઇ નાના પ્રકરના ઇશ્વરી દેખાવો તેવા પુરૂષોને જણાય છે અને તેથી પરમ આનંદ પદને પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે સંધ્યા કરવાનો વહીવટ પ્રથમ હતો હાલ કાંઇ તેવું સમજીને કરનાર ઘણા થોડા પુરૂષો છે પણ ગુરૂ મુખ પઠન કરી વીવેકથી સમજે ને ગુરૂ જાણ પુરૂષ હોય તો ગુપ્ત વિદ્યાનો પ્રચાર બતાવી પોતાના શીષ્યને આનંદમય બનવાનો રસ્તો સહેજ બતાવી શકે છે. હવે સ્વરો બીજા ઓરડામાં પ્રથક પ્રથક કેવી કીયા ઉત્પન્ન કરી શકે છે તે કહેવામાં

આવે છે. જે સ્થળે ૨ નો અંક મુકેલો છે તે સૂર્ય સ્વર (ગંગા) નાડી છે. ૪ નો અંક એ ચંદ્ર સ્વર (યમુના) નાડી છે. ને, ત્રણના અંકવાળી નાડી સુખમણા (સરસ્વતિ) છે. તેમાં ગંગાનો પ્રવાહ વેગથી ચાલે ને તે સમયે દીવસ હોય તો શરીરમાં અધિક ઉષ્ણતા થઇ વ્યાધિ ઉત્પન્ન કરે છે. તેમજ રાત્રે યમુનાનો પ્રવાહ વધારે હોય તો તેથી પણ વ્યાધિ થાય છે. જો રાત્રી દીવસ થોડા થોડા અંતરે સમાન સ્વર ચાલતા હોય તો તેથી શરીર બીલકુલ નાદુરસ્ત થાય છે ને તેનું વીર્ય તદન ખરાબ થઇ વ્યાધિવાળુ થાય છે. પરંતુ દીવસે ચંદ્રસ્વર અને રાત્રે સૂર્યસ્વર ચાલે તો મનુષ્ય પ્રાણી નીરોગી રહે છે. એ સ્વરો અનીયમીત થાય ત્યારે કુંડલી ક્રીયામાં ફેરફાર થયેલો જાણવો. કુંડલી ઉપર મનુષ્યનું જીવન રહેલું છે. તે કુંડલી નાભીસ્થાન નીચે સાડાત્રણ આંટા સર્પાકારે છે. તે નીયમીત ચાલે તો સ્વરની ગતી પણ નીયમીત ચાલે છે. જ્યારે તેમાં ફેરફાર થાય છે ત્યારે સ્વર બદલાય છે. એ કુંડલી જેમ જેમ હૃદય તરફ ચઢતી જાય તેમ તેમ મનુષ્ય પ્રાણીનું આયુષ્ય ટુંકું સમજવું. ને ગુપ્ત વિદ્યા જાણનાર પુરૂષો કુંડલી સાધ્ય માટેજ યોગાભ્યાસ કરી કુંડલી જીતે છે એટલે તેમને મૃત્યુનો ભય રહેતો નથી. જ્યારે કુંડલીની ક્રીયા બગડે છે ત્યારે તમામ વાયુ પણ બગડે છે ને સુખમણાની ગતિ વધતી જાય છે. સુખમણા આ રોગી પુરૂષનો બે પળ કરતાં વધારે ચાલતો નથી તે ઉપરાંત જેમ વધારે ચાલે તેમ આયુષ્યનો ક્ષય જાણવો. તેવા પ્રસંગે તમામનો ત્યાગ કરી, ગુદાચક્ર (આધારચક્ર) ને દાબી સોઽહં ક્રીયા કરી ઇશ્વરનું ધ્યાન ધરવું. મનુષ્ય જ્યારે મરણ પથારી ઉપર હોય તેવા પ્રસંગે તેનો સુખમણાજ ચાલ્યાં કરે છે તે ચાલતાં ચાલતાં તમામ વાયુ પલટાઇ જાય

આખરે નાસિકા દ્વારાએ ચાલતો સ્વર બંધ થાય છે અને મુખવાટે પ્રાણી શ્વાસ લેવા મંડી જાય છે ને છેવટે થાકી પંચપ્રાણ શુદ્ધ ચૈતન્ય સ્થાને નીકળી જાય છે એવી રીતે દેહ અને પ્રાણનો વિયોગ થાય તેનું નામ મૃત્યુ કહેવાય છે. તે મરણ અવસરે જેવી નીતિ રીતિ રાખી હોય તે પ્રમાણે તે પ્રાણીને ભાસ થાય છે. કારણ કે મરણાવસરે તમામ ઇાન્દ્રઓ પોત પોતીકાં કામ તજી સુન્ય થાય છે ને પંચ પ્રાણ એક ઠેકાણે થાય છે ને સામટી ગતી કરે છે તે વખતે તે પ્રાણ ત્યાગ કરનારના જીવને યમ પકડી મારે છે કાપે છે લેઇ જાય છે વિગેરે દેખાવો દેખાય છે. (જણાય છે) અને જો કોઇ પ્રાણીએ કોઇ દેવની ઉપાસ્ના કરી હોય અને તેના પ્રત્યેનો તેનો પ્રેમ પૂર્ણ હોય તો તે દેવનો ભાસ થાય છે. ને તે દેવગાતને પ્રાપ્ત થાય છે. પરંતુ માયાવર્ણ તથા દેવ ઉપાસના મીથ્યા ગણી ભાવભેદ સમજી સ્વરો સાધ્ય કરી કૈવલ્ય શુદ્ધ ચૈતન્યની ઉપાસના કરે છે તેવા પુરૂષોનો પ્રાણવાયુ સબળ હોવાથી ગુદા, નાસિકા, મુખ કીંવા બીજા કોઇ માર્ગે ન જતા બ્રહ્મરંધ્રમાં પ્રવેસ થઇ તેને ફાડી દસમે દ્વાર વાટે નીકળી જાય છે. ને તેથી તે કૈવલ્ય મોક્ષને પ્રાપ્ત થાય છે. એ રીતે પંદરમી આકૃતિની સમજુતિ છે.

આકૃતિ ૧૬ મી.

(મુખ પૃષ્ટ જુઓ.)

૧ એકના અંકવાળા ઓરડામાંથી પાછળ જે નળી છે તે વાટે મુસ્તકમાં શ્વાસો શ્વાસ પ્રવેશ થાય છે. તેના વડે મગજના જ્ઞાનતંતુઓ ને પુષ્ટી મળે છે. દીવસે સૂર્યની ઉષ્ણુતા હોવાથી ઓકસીજન હવા વધારે ભરાય છે ને ઓકસીજન (પ્રાણવાયુ) ઉપર માણુસનું જીવન છે. જ્યારે સૂર્યની ઉષ્ણુતા અધિક હોય છે ત્યારે ચંદ્ર સ્વર ચલાવવાની જરૂર છે. જો દીવસે ચંદ્ર સ્વર ન ચાલે તો શરીરમાં અનેક પ્રકારના વ્યાધીઓ થઇ આવે છે. રાત્રીએ કારબોનીક હવા વધારે હોય છે તેથી રાત્રે સૂર્ય સ્વર ચલાવવાની જરૂર છે કારણ કે મનુષ્ય પ્રાણી ઓકસીજન ઉપર જીવે છે ને કારબોનીક બહાર કાઢે છે ત્યારે વનસ્પતિ તે ગાસ-હવા ચુસી લેઇ ઓકસીજન બહાર કાઢે છે માણુસ દીવસે કારબોનીક બહાર કાઢે છે ત્યારે સૂર્યની ઉષ્ણુતાના લીધે વનસ્પતિ તેનું સોષણુ કરી પોતામાંની ઓકસીજન જગકીત માટે બહાર કાઢી નાંખે છે ને રાત્રે કારબોનીક બહાર કાઢે છે તે કારબોનીક હવા સુધારવા સૂર્યસ્વરની જરૂર છે માટે ગુપ્ત વિધાની જીજ્ઞાસાવાળા પુરૂષોએ આગ્રહ પુર્વક કુંડલીક્રિયાને જાણી લેઇ સ્વરોને નિયમીત રીતે ચલાવવા કે વ્યાધિ ન થતાં નિરોગીપણું પ્રાપ્ત થાય છે ને તેનાથી મનોવૃતિઓ શુદ્ધ થઇ સૃષ્ટિનું તથા તેના કર્ત્તા કે જે અરૂપ, અનીરવચનીય, અભેદ અખંડ અનામ છે તેનું કોઇ રીતે કહેવાપણું તેમ વર્ણુન સમાનતાપણું બતાવી શકાતુ નથી તેનુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. હવે જે સ્થળે ૨ નો અંક મુકવામાં આવ્યો છે તે ૨ક્ષસ્થાનના ઉપ-

રની ત્વચાની થેલી છે તેમાં ત્રણે સ્વરો પૈકી કોઇ પણ સ્વર પ્રવેશ થાય છે ત્યારે ફુગી ઉડે છે ને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે થાય છે. પછી તેને વળગેલી એનસો કે જે સ્થળે ૩ નો અંક મુકેલો છે તે નસોથી ખુલ્લી થયેલી થેલીમાં બહારનો દેખાવ જોઇ તે નળીઓ વાટે તેમાં પ્રવેશ થાય છે ને તેથી અનેક બનાવો બની આવે છે. જ્યારે વૈરાટ સ્વરૂપની યોગીઓ ઉપાસના કરે છે ત્યારે નાસિકા ઉપર દ્રષ્ટિ ઠરાવી મસ્તકની છાયા તરફ જોઇ રહી અર્ધા કલાકે આકાસ તરફ જોવાથી અંદરનો ભાસ આકૃતિરૂપે આકાસના પોલાણમાં દેખાય છે. તેવી રીતે દરરોજ કરવાથી પાંચ સાત વર્ષમાં સૃષ્ટિ કર્ત્તા જેટલા ચમત્કાર કરવાનું આ સ્થુલ દેહે છતાં સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આવી કીયા પુર્વે ગોરખનાથ, મીસેન્દ્રનાથ, વસિષ્ઠ મુની વિગેરેએ કરવાથી મહા સિદ્ધ ગણાયા છે. તેમ શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ આ ક્રિયાને સારી રીતે કેળવી રાખેલ હતી તે ક્રિયાનું આ સ્થાન છે આ મસ્તક વિદ્યામાં છેવટની આકૃતિની (૧૬ મી આકૃતિની) એ રીતે માહીતી છે.

પ્રકાશકના બે શબ્દ—

—યાને વધારો.

ગ્રંથકર્ત્તા તરફથી આગળ સોળ આકૃતિમાં વિવેચન કરવામાં આવેલું છે તે આપણાં પ્રાચીન પુસ્તકોને તેમજ તેમની તે તરફની મનોવૃત્તિને આભારી છે. આ વિદ્યાનો પ્રેક્ટીકલ ઘણો પ્રચાર અમેરિકા, ઇંગ્લાંડમાં થયેલો છે. અને તે તરફ મસ્તિક વિદ્યાનો નીયમીત અભ્યાસ કરાવવા શાળાઓ તથા નવીન શોધ સારૂ પ્રયોગશાળાઓ છે. આ શાળાઓ પ્રતિષ્ઠીત વિદ્વાન પુરૂષોના મંડળથી નીયામક છે. જે તરફથી નીયમીત પત્રો પુસ્તકો તેમજ મેગેઝીનો બહાર પડે છે.

આ વિદ્યા હીન્દુસ્તાનને માટે નવીન નથી. પરંતુ આ વિદ્યાનો યોગવિદ્યામાં સમાવેસ થતો હોવાથી, અને તે તરફ અધિકારી પુરૂષોની ન્યુનતા હોવાથી, સદર વિદ્યા યોગ્ય અધિકારીઓના અભાવે અજ્ઞાનમય અંધકાર નીચે દબાયેલી છે. હવે હીન્દુસ્તાન વીસમી સદીના વૈજ્ઞાનીક નવીન સુધારા વધારામાં તથા નવીન શોધખોળમાં પ્રવેશ કરે છે તેથી યોગવિદ્યા તરફ અને તેના અંગે આ વિદ્યા તરફ અધિકારી પુરૂષો પોતાની પ્રવૃત્તિમય જીંદગીનો જગત્ કલ્યાણાર્થે ભોગ આપી આ દીશા તરફ ઉજાસ પાડશે તેમ આશા રખાય છે.

વીધીના છઠ્ઠીના લેખ ખોપરીપર લખાય છે—નવીન જન્મ પામતા પ્રાણીના લલાટે લેખ લખાય છે. તે પુરાના શબ્દોની પુષ્ટીમાં શ્રીમદ્

ભગવત્ગીતાના ૧૫ મા અધ્યાયનો આઠમો શ્લોક બસ થશે. ભગવાન કહે છે કે:—દેહ આદિનો સ્વામી જીવાત્મા જ્યારે બીજા શરીરને પામે છે અને પ્રથમના શરીરમાંથી નીકળે છે ત્યારે જેમ વાયુ પુષ્પ આદિમાંથી સુક્ષ્મ ગંધવાળા અંશ લેઇને જાય છે તેમ તે પ્રથમના શરીરમાંથી એઓને (ઇન્દ્રીઓને) લઇને જાય છે." આ પ્રમાણે નવીન સંસ્કારી પ્રાણીના પીંડમાં–મસ્તકમાં પાછલા જન્મની વાસનાનો અનુભવ બીજરૂપે સંસ્કાર રહે છે. પ્રથમ માતાના ઉદરમાં મસ્તકનો પીંડ બંધાય છે. અને તેથીજ તમામ વાસનાનો વાસ મસ્તકમાં હોવો જોઇએ તે સ્પષ્ટજ છે. જેથી દરેક મનુષ્ય પ્રાણી પોતાની સાથે પાછલા જન્મોના અનુભવો, ગુણો, કળાઓ, લાગણીઓ, અને શક્તિઓ લાવે છે તે નીર્વીવાદ રીતે સ્થાપિત થાય છે. અને જેઓ પુનર્જન્મને માને છે તેમને તો સદર બાબત માન્યજ છે. અને તેથીજ છઠ્ઠીના લેખથી ચાલતી આવતી માન્યતા પ્રમાણે પાછલા જન્મના આ જન્મમાં થવાના અનુભવવાના વિગેરે સંસ્કારના આયનારૂપ નવીન પ્રાણીનું લલાટ લેખાય તે યથાસ્થિત છે.

આખી બ્રહ્માંડી રચનાનો મસ્તકમાં સમાવેશ થાય છે. તેવું આગળ ગ્રંથકર્તા તરફથી પ્રતિપાદન થઇ ગયું છે અને તેને જાણ્યા પછી–તેનું નીરીક્ષણ કર્યા પછી બીજું જોવાનું કે જાણવાનું રહેતું નથી. નીરીક્ષણ બે પ્રકારનું છે, એક જ્ઞાનચક્ષુથી બીજું ચર્મચક્ષુથી. જ્ઞાન-ચક્ષુથી નીરીક્ષણ કરવા માટે યોગ સાધનાની જરૂર છે. અને જે સાધ્ય થયા પછી વીલક્ષણ અનુભવો મલે છે તેનું કાંઇક અંશે વીવેચન આ પુસ્તકમાં આગળના પૃષ્ટોમાં કરવામાં આવેલું છે. તેથી પણ વિશેષ જાણવા માટે યોગનાં પુસ્તકોનું અવલોકન મદદ કરશે. ચર્મ-

ચક્ષુથી નીરીક્ષણ કરવાનું કામ પાશ્ચિમાત્ય દેશો તરફથી ઘણું કરવામાં આવેલું છે અને થયાં કરે છે. તે પ્રમાણેની શોધખોળ આ વિદ્યા ઉપર પ્રથમના દ્રષ્ટિબીન્દુથી જણાતા ચમત્કારો પ્રત્યે જે કોઇ ભાસરૂપે ઉજાસ પાડે છે તેને પ્રકાશ કરવાનો મારો આ ઉદ્દેશ અને પ્રયાસ છે. ચર્મચક્ષુથી થતુ નીરીક્ષણ બરાબર મુદ્દાસર લેખી સકાયજ નહિ. પરંતુ તેથી આ વિદ્યા તરફ મનુષ્ય પ્રાણીની જીજ્ઞાસા પ્રબળ કરવા તથા તે તરફ દોરવા વિજયશાળી નીવડશે તે નીઃસંક છે. અને તેથી પાશ્ચિમાત્ય દેશોની આ દીશા તરફ કર્તવ્ય કર્મરેશા અયોગ્ય માર્ગે નથીજ તે સ્પષ્ટ સમજાશે. આ વિદ્યા બારિક નીરીક્ષણે શોધી કાઢી છે અને તેજ બારીક નીરીક્ષણ કેટલેક અંશે પુર્ણ કરશે તેમાં સંશય નથી. જેથી દરેક આ વિદ્યા પ્રત્યેના અભ્યાસીને બારીક નીરીક્ષણ કરવાની ટેવ રાખવા સુચવી તે તરફના પુસ્તકોના આધારે બે શબ્દ દર્શાવીશ

આકૃતિ ૧૭ મી.

(મુખ પૃષ્ટ જુઓ.)

મગજ અને ખોપરી.

આ આકૃતિ મગજની છે. આ મગજના રક્ષણુ સારૂ જે ચામડી તથા હાડકું તેને વીંટાયેલું છે તે ખોપરી છે. મગજના મુખ્ય બે ભાગ છે. એક ભાગને મોટુ મગજ (Cerebrum) અને બીજા ભાગને નાનું મગજ (Cerebellum) કહે છે. નાનુ મગજ મોટા મગજના નીચે અને પાછળના ભાગમાં આવેલું છે. (આકૃતિમાંનો C ભાગ). વિશેષ સ્પષ્ટીકરણ માટે દર્શાવતાં આંખના એક ખોણાથી કાનના છીદ્ર ઉપર પસાર થતી સીધી લીટી પાછળના ભાગમાં દોરવામાં આવે તેટલો ભાગ મોટું મગજ અને તે લીટી નીચેના ભાગને નાનું મગજ તથા આ સીધી લીટીને મગજની સપાટી (Base of the brain) કહેવામાં આવે છે. મોટુ મગજ બે સરખા ભાગમાં વહેં-ચાયેલું છે અને દરેક ભાગને ગોળાર્ધ કહે છે. આ બન્ને ગોળાર્ધ સરખા પ્રકારની શકિતઓ ધરાવે છે. ટુંકામાં મગજ દરેક પ્રકારની એવડી શક્તિઓવાળુ છે જેવી રીતે કે જોવાની, સાંભળવાની, સુંઘવાની, વિગેરે શકિતયોને બે બે દ્વાર છે. અને પ્રસંગોપાત એવું પણ બને છે કે એક ગોળાર્ધને નુકસાન થાય તો બીજા ગોળાર્ધથી મનની ક્રીયાઓ યોગ્ય વ્યવહારમાં ચાલ્યાં કરે છે.

ખોપરી જો કે મગજનું કઠણ ઢાંકણુ છે તો પણ જેમ જેમ મગજનો વીકાસ તથા સંકોચ થાય છે તે પ્રમાણુમાં તે પોતાનું રૂપાન્તર બદલે છે અર્થાત્ તે પ્રમાણુમાં વિકાસિત તથા સંકોચિત થાય છે. અને મગજનું કોઇપણ જાતના નુકશાનથી ઢાલની માફક રક્ષણ કરે છે.

આકૃતિ ૧૮ મી.

(મુખ પૃષ્ટ જુઓ.)

આ મગજના મુખ્યત્વે ચાર ભાગ પાડવામાં આવેલા છે (૧) બુદ્ધિપ્રદેશ. (Intelectual region) (૨) નીતિ પ્રદેશ (Moral region) (૩) વ્યવહાર પ્રદેશ (Social region) (૪) સ્વાર્થ પ્રદેશ. (Selfish region.)

આ ચારે ભાગોમાં કુલ ૪૨ મનોવૃતિઓનો સમાવેશ કરવામાં આવેલો છે. તે વૃત્તિઓ જે સ્થાને લખવામાં આવી છે (આકૃતિ ૧૯ મી જુઓ) ત્યાં તેમનું સ્થાન છે. દરેક મનોવૃતી ખોપરીમાં બન્ને બાજુએ એક સરખી રીતે આવેલી છે. ત્રીકુટી સ્થાનથી એક સીધી લીટી બોચી સુધી દોરતાં ખોપરીના બે વીભાગ ડાબા જમણી પડશે આકૃતિ ૧૯ માં ફક્ત ડાબો ભાગ દર્શાવેલો છે અને તેજ પ્રમાણે જમણો ભાગ પણ સમજવાનો છે.

આકૃતિ ૧૯ મી.

(મુખ પૃષ્ટ જુઓ.)

આ આકૃતિમાં જે એક બેના અંકો મુકવામાં આવેલા છે તે સ્થાને તે સંખ્યા સામે નીચે જણાવેલી મનોવૃત્તિઓનો સમાવેશ થાય છે તેમ સમજવું.

(૧) બુદ્ધિ પ્રદેશ. (Intelectual region.)

આ પ્રદેશના બે ભાગ પાડવામાં આવેલા છે. अ અવલોકન શક્તિ પ્રદેશ (Perceptive faculties.) ब સારાસારા વીચાર શક્તિ પ્રદેશ (Reflective or reasoning faculites).

अ અવલોકન શક્તિ પ્રદેશ.

૨૪	પ્રથકાત્મકતા	Individuality.
૨૫	આકૃતિ	Form.
૨૬	આકાર	Size.
૨૭	વજન	Weight.
૨૮	રંગ	Color
૨૯	વ્યવસ્થા	Order
૩૦	ગણીત	Calculation
૩૧	સ્થાન સંબંધ	Locality
૩૨	વ્રત સ્મરણ	Eventuality
૩૩	કાળ	Time
૩૪	સ્વર—નાદ	Tune
૩૫	ભાષા	Language

व સારા સાર વિચાર શક્તિ.

૩૬	કારણત્વ	Causality
૩૭	તુલના	Comparison
C	મનુષ્ય સ્વભાવ ધર્મ	Human nature
D	સ્વભાવ માધુર્ય	Agreeableness

(૨) **નીતિ પ્રદેશ.** (Moral region)

अ ધર્મનીતિ શક્તિ (Moral faculties.)

૧૫	ન્યાય નીષ્ઠતા	Conscientiousness
૧૬	આશા	Hope
૧૭	આસ્તિકતા	Spirituality
૧૮	શ્રદ્ધા	Veneration
૧૯	પરોપકાર વૃત્તિ	Benevolence

व કલાકવિત્વાદિ શક્તિ (Rafining feculties)

૨૦	કલાકૌશલ્યતા	Constructiveness
૨૧	સૌન્દર્ય પ્રીતિ	Ideality
બ	ઉદાત્ત વૃત્તિ	Sublimity
૨૨	અનુકરણ	Imitation
૨૩	હાસ્યવૃત્તિ	Mirthfulness

---

(૩) **વ્યવહાર પ્રદેશ.** (Social Region)

अ કુટુંબ વલણ શક્તિ Domestic propensities.

૧	શૃંગારેચ્છા	Amativeness
A	વિવાહેચ્છા	Conjugal love
૨	પીત્ર પ્યાર	Parental love
૩	મીત્રતા	Friendship
૪	સ્થળ પ્રીતિ	Inhabitiveness
૫	એકાગ્રતા	Continuity

(૪) **સ્વાર્થ પ્રદેશ.** (Selfish region)

अ स्वरक्षणु शक्ति (Selfish propensities)

E	જીવનેચ્છા	Vitativeness
૬	સંગ્રામેચ્છા	Combativeness
૭	સંહારેચ્છા	Destructiveness
૮	આહારેચ્છા	Alimentiveness
૯	ધન લોભ	Acquisitiveness
૧૦	ગુપ્તપણું	Secretiveness
૧૧	સાવધાનતા	Cautiousness
૧૨	કીર્ત્તિ લોભ	Approbativenes
૧૩	અહંમાન	Self-esteem
૧૪	નીગ્રહ	Firmuess

ઉપર પ્રમાણે ૪૨ મનોવૃતિઓનો શોધ હાલના તત્વવેત્તાઓએ મસ્તકમાં કર્યો છે. આ મસ્તકવિદ્યાની પદ્ધતિ બોધ આપે છે કે મસ્તકના ભિન્ન ભિન્ન પ્રદેશમાં જે તે મનની શક્તિઓ આવિર્ભૂત થયેલી છે અને તેમાં માણુસની પ્રકૃતિ[1] (Temperament) પ્રમાણે ફેરફાર થાય છે. મેડયુલા (Medulla) (કરોડ અને મગજને સાંધનારો સાંધો—કાંડ મજ્જા) ઉપર આગળ અને પાછળ મગજના વિસ્તારથી મનની શક્તિઓ કેટલા પ્રમાણુમાં ખીલી છે તે જણાઇ આવે છે તેમનું

---

૧. પ્રકૃતિ ત્રણ છે. વાત, પીત અને કફ. પરંતુ પ્રખ્યાત ફ્રેનોલૉજીસ્ટ ગોલ અને સ્પરઝીયમ, Lymphatic, Sanguine, Bilious and Nervous એ રીતે ચાર હોવાનું દર્શાવે છે.

ખોપરીના ભાગ પ્રમાણે અને ઢેકાથી (Bump) નહિ ગણુતાં પરંતુ કાનના બાકાથી ગણુતાં તે દુર હોવા પ્રમાણે તેમનાં માપ લેવાય છે.

આ વૃત્તિઓ દરેક સખસમાં કેટલા અંશમાં ખીલેલી છે તે જાણુવા તેમનું માપ લેવા બદલ તેમની સાત ડીગ્રી સુધીની યત્તા કલ્પવામાં આવી છે. તે જેટલા પ્રમાણુમાં ખીલી હોય છે તે ધોરણે તેના ગુણુ દોષ નક્કી કરવામાં આવે છે આ ડીગ્રીઓની ગણુના નીચે પ્રમાણે છે.

૧ બે ડીગ્રી સુધી મનોવૃતિ ખીલેલી હોય તો **અલ્પ** Small.

૨ ત્રણુ ડીગ્રી સુધી મનોવૃત્તિ ખીલેલી હોયતો **મધ્યમ** Moderate.

૩ ચાર ડીગ્રી સુધી મનોવૃત્તિ ખીલેલી હોય તો **મધ્યપ્રમાણુ** Average.

૪ પાંચ ડીગ્રી સુધી મનોવૃત્તિ ખીલેલી હોય તો **સંપુર્ણ** Full.

૫ ૭ ડીગ્રી સુધી મનોવૃત્તિ ખીલેલી હોય તો વિશેષ Large.

૬ સાત ડીગ્રી સુધી મનોવૃત્તિ ખીલેલી હોય તો અતિ વિશેષ Very large.

ચાર ડીગ્રી સુધી ખીલેલી મનોવૃત્તિથી કાંઇ વીશેષ લાભ મળી શકતો નથી. અને પાંચ અને છ ડીગ્રીથા તે વૃત્તિનું કાર્ય પુર્ણપણે થાય છે. વીશેષ ભાગે પુર્ણ સત્તા દર્શાવે છે. સાત ડીગ્રી સુધી ગયેલી વૃત્તિ ઘણીજ ખરાબ મનાય છે અને તેથી અનિષ્ઠ પરીણામો નીપજે છે.

દાખલા તરીકે શ્રદ્ધા (Veneration) અલ્પ અંશમાં (small) હોય તો મનુષ્ય ધર્મ માર્ગમાં પ્રવેશ કરી શકતો નથી તેમજ તે વૃત્તિ અતિ વીશેષ (Very large) પ્રમાણુમાં ખીલેલી હોય તો તે મનુષ્ય ધર્મ ઘેલો અને અંધશ્રદ્ધાળુ હોય છે.

ધન લોભ શક્તિ (Acquisitiveness) અલ્પ પ્રમાણુમાં (small) ખીલેલી હોય તો તે માણુસ દ્રવ્ય સંગ્રહ કરી શકતો નથી

તેમજ તે અતિ વિશેષ (Very large) પ્રમાણુમાં ખીલેલી હોય છે તો તે મનુષ્ય કૃપણ હોય છે.

વિશેષ સંહારેચ્છા (Large destructiveness તથા સંગ્રામેચ્છા (Combativeness) તથા ન્યાય નિષ્ઠતાની નિયમન કરનારી શક્તિઓ (Restraining faculties of Consciousness) ધરાવતો મનુષ્ય ઘણા ગરમ સ્વભાવનો અને પવન સાથે લઢવાની પ્રકૃતિવાળો હોય છે.

આ ૪૨ વૃત્તિઓ શીવાયની અન્ય વૃત્તિઓ આ વૃત્તિઓના ઓછાવત્તા પ્રમાણુની ખીલવણીથી ઉત્પન્ન થાય છે. જેમકે યાદશક્તિ[1] (Memory) અનુમાનશક્તિ[2] (Reason) તર્કશક્તિ[3] (Judgment) જેમાં નંબર ૧ નો સમાવેશ પ્રતસ્મરણ (Eventuality) અને પ્રથકાત્મકતા (Individuality)માં થાય છે અને ૨–૩ નો સમાસ કારણત્વ (Causality)માં થાય છે. તેજ પ્રમાણે સાહસીકવૃત્તિ, ધાવન, ચાલન, તરવાની, ગાવાની તેમજ સ્વરક્ષણ શકિત વૃત્તિઓનો પ્રકાર આ વૃત્તિઓમાં અલગ અલગ દર્શાવેલ નથી. સાહસીક વૃત્તિનો સમાવેશ વિશેષ ઉદાત્તવૃત્તિ (Large sublimity) અને અલ્પ સાવધાનતા (Small cautiousness) માં અને જ્યારે ધાવન વીગેરે વૃત્તિઓનો સમાસ અવલોકન શક્તિની વૃત્તિઓની (Perceptive faculties) વીકાસતામાં અને મુખ્યત્વે કરીને વજન (Weight) ની વીકાસતામાં છે. તેમજ સ્વરક્ષણ શકિતનો સમાવેશ જીવનેચ્છા (Vitativeness,ની વિકાસતામાં છે.

દરેક વૃત્તિઓનું બારીક નીરીક્ષણથી માપ લેતાં કઇ વૃત્તિ કેટલા પ્રમાણુમાં ખીલેલી છે તે નક્કી કરતાં મનુષ્ય પ્રાણી કેવી ચાલાચલગતનો (Character) છે તે નક્કી થઇ શકે છે. જેથી આ વિદ્યા જાણવાથી

મનુષ્ય પ્રાણી કેવી પ્રકૃતિનો કેવા સ્વભાવનો કેવી વૃત્તિનો છે તે મનુષ્યનું નીરીક્ષણ કરતાંજ જેમ આયનામાં આબેહુબ છબી પડી રહે છે તેવી રીતે તેનામાં રહેલા ગુણોનો ભાસ થાય છે. આ ઉપરથી આ વિદ્યા કેટલી ઉપયોગી છે તે સહજ જણાઇ આવશે.

આ વિદ્યા પ્રયત્નવાદી છે. પ્રયત્ન કરનારને જ ફળ આપે છે. મનુષ્ય પ્રાણી પોતાનામાં કઇ વૃત્તિ કેટલા પ્રમાણમાં ખીલી છે તથા અન્યમાં કેટલા પ્રમાણમાં ખીલી છે તે પ્રયત્નથીજ જાણી શકે છે. અને આવી રીતે જાણ્યા બાદ અલ્પ પ્રમાણમાં ખીલેલી વૃત્તિયોને વીશેષ પ્રમાણમાં ખીલવી (Cultivate) શકે છે તથા અતિ વીશેષ પ્રમાણમાં ખીલેલી વૃત્તિયોને અંકુશમાં લાવી ઘડાડી (Restrain) શકે છે. આવી રીતે કરતાં દરેક મનુષ્ય પ્રાણી પોતાનામાં રહેલી વૃતિયોનો વીશેષપણે લાભ લેઇ પોતાનું ભવિષ્ય સુધારી શકે છે તથા અન્યને સુધારવામાં મદદરૂપ બની શકે છે.

આ વિદ્યા સાથે નીકટનો સંબંધ રાખનાર મુખ સામુદ્રિક શાસ્ત્ર (Physioguomy), પ્રાણી ગુણ ધર્મ વિદ્યા વર્ણન શાસ્ત્ર (Physiology) જોતિષશાસ્ત્ર (Astrology) તથા શારીરિક શાસ્ત્ર (Anatomy) છે. અને આ બીજી વિદ્યાઓ મસ્તક વિદ્યાના અભ્યાસીઓ મનુષ્ય પ્રકૃતિ સ્વભાવનું ઘણી બારીકાઇથી અવલોકન કરી ચોકસપણે દરેક મનુષ્યની ચાલચલગત (Character) પારખી શકે છે. આ વિદ્યાઓનો કેવી રીતે તથા કેટલા અંશે મસ્તક વિદ્યા સાથે સંબંધ છે તે દર્શાવવા આ લઘુ પુસ્તકમાં અને વિશેષ કરીને પ્રકાશકના બે શબ્દમાં અવકાશ ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ પૃષ્ટ ૬૩ ઉપરની વીનંતિને જનસમાજ તરફથી પુષ્ટી મળે અન્ય સમાગમમાં નિવેદન કરીશ.

આ વિદ્યા હાલમાં હિંદુસ્તાનમાં બીલકુલ પ્રચારમાં નથી જો કે છુટા છવાયા આ વિધાને લગતા સંસ્કૃત ગ્રંથો મળી આવે છે તેથી અને હાલમાં પુરાની કહેવતો જેવી કે—

१ आकृतिर्गूणान् कथयाति ॥

૨ વક્રદત્તા કોકમુર્ખા, કોક તાલ્લા નિર્ધના;
કાંણીયા નર કોક સાધુ, કોક દાતા માંજરા.

૩ જે નરરૂપે આગળા, તે નર નગુણા ન હોય.

४ तुण्डे तुण्डे मर्तिभिन्न ॥

વિગેરે કહાણીઓથી આ વિદ્યાના અસ્તિત્વને પુષ્ટી મળે છે. આ વિદ્યાને હવે વિદેશી તેમજ આપણાં જુનાં પુસ્તકો દ્વારાએ, આર્ય ભૂમિમાં પ્રચાર થવાની જરૂર છે. આ પુસ્તકમાં લખાણ ફક્ત દેશી તથા વિદેશી જે પદ્ધતિ હાલમાં પ્રચલીત છે તેની દીશા બતાવવા પુરતું છે. તો આ વિધાના ફેલાવા માટે કોઇ દાનવિર સખી સદ્‌ગૃહસ્થ પોતાનો હસ્ત લંબાવી આ દેશમાં અમેરિકા ઇંગ્લાંડમાં જેમ ક્રમ સર વિદ્યાભ્યાસ કરાવવા The British Phrenological Association, The Fowler Institute વિગેરે શાળાઓ છે તે પ્રમાણે શાળા સ્થાપન કરી વિદ્યાદાન આપશે તો જનસમાજ ઉપર તેમનો મોટો ઉપકાર થઇ અખંડીત કીર્તિને પ્રાપ્ત કરશે.

આ વિદ્યાની આ દેશમાં વૃદ્ધિ થવા અર્થે ઉપર વિનવી, આ વિદ્યા પ્રત્યેના નવીન અભ્યાસીને પ્રખ્યાત ડો. ગોલે, સ્પરઝીયમ, ફાઉલર, વિગેરેનાં પુસ્તકોનું અવલોકન કરવા સુચવી આ લઘુ લેખ બંધ કરીશ.

સમાપ્ત.

વિજ્ઞપ્તિ.

આ પુસ્તકનું કદ નાનુ છે પરંતુ તેમાંની આકૃતિઓનું ડ્રૉઈંગ તથા ઝીન્કોઆદ્નો ચાર્જ તથા કાગળો વીગેરેનો ચાર્જ ચાલુ લ્ડાઇના લીધે ભાવમાં અસાધારણુ ફેરફારથી વીશેષ આવવાથી પુસ્તકની કીંમતમાં વધારો જણાશે. તે તરફ સુગ્ન વાંચકો લક્ષ નહિ આપતાં પુસ્તકની ઉપીયોગીતા તરફ દૃષ્ટિ રાખશે એવી સવીનય વીનંતી છે. આ પુસ્તકનો તમામ નફો આવાં અન્ય વિજ્ઞાનનાં પુસ્તકો છપાવવા તરફ ખર્ચવાનો નિશ્ચય છે. તો વિદ્યાભિલાષી પુરૂષો તરફથી યોગ્ય મદદ મળશે એવી આશા છે.

લી.

પ્રકાશક.

ગ્રંથકર્તા તરફથી બહાર પડેલા પુસ્તકોની નામ

સુચના.

આ પુસ્તક સંબંધી તમામ પ્રકારનો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

શુકલ માણેકલાલ રેવાશંકર.
કલાર્ક ડીસ્ટ્રીકટ જજ કોર્ટ.
મેસાણા.